ઓં નમઃ

શ્રી પંચાસરા પાર્શ્વનાથાય નમઃ

સ્વ. પૂ. આચાર્યશ્રી પ્રેમસૂરિભ્યો નમઃ

યાકિની મહત્તરા સૂનુ પૂ. આચાર્યશ્રી
હરિભદ્રસૂરિ રચિત

# શ્રી ધર્મબિંદુ પ્રકરણ

- સંપાદક-સૂત્રાર્થકાર -

પરમગીતાર્થ પ. પૂ. પંન્યાસ શ્રી હેમંતવિજયજી
ગણિવરના શિષ્ય પ. પૂ. મુનિરાજશ્રી લલિતશેખર
વિ. મહારાજના શિષ્ય મુનિરાજશ્રી
રાજશેખર વિ. મહારાજ.

:: પ્રકાશિકા ::

શ્રી કેશરબાઇ જૈન જ્ઞાનમંદિર સંચાલિત.
શ્રેષ્ઠી શ્રી લહેરુચંદ ભોગીલાલ સ્મારક ગ્રંથમાળા

પ્રથમ આવૃત્તિ નકલ-૧૦૦૦, વિ સં. ૨૦૨૫

મૂલ્યઃ- રૂા. ૧-૦૦ પૈસા

* પ્રાપ્તિ સ્થાન *

શ્રી કેશરબાઇ જૈન જ્ઞાનમંદિર. નગીનભાઈ
પૌષધશાળા. પાટણ. (ઉ. ગુ)

---

મુદ્રકઃ- વિનોદચંદ્ર ચિમનલાલ પરીખ

મુદ્રણસ્થાન;- હિના પ્રિન્ટર્સ ઘીકાંટા પાસે, પાટણ.

# સમર્પણ ભાવ

જેમની કૃપાદૃષ્ટિએ મારા આંતર જીવનનું
પૂનિત પ્રભાત પ્રગટાવ્યું છે તે
પરમગુરુદેવશ્રી પંન્યાસ શ્રી હેમંત વિજયજી
ગણિવર્યના કરકમલમાં સાદર સમર્પણ.

રાજશેખર વિજય.

ॐ નમઃ

# ઉપોદ્‌ઘાત

ધર્માત્ સુખં પાપાદ્ દુઃખમ્...........

ધર્મથી સુખ મળે છે. પાપથી દુઃખ મળે છે. સર્વ પ્રકારનું સુખ **ધર્મથી** જ મળે છે. સર્વપ્રકારનું દુઃખ **પાપથી** જ મળે છે. ધર્મથી **સુખ** જ મળે છે. પાપથી દુઃખ જ મળે છે. ધર્મથી સુખ **મળે** જ **છે.** પાપથી દુઃખ **મળે** જ **છે.**

જગતમાં આ નિયમ સનાતન છે અને ત્રિકાલાબાધિત પરમ સત્ય છે. ભૌતિક ભૂખની ભડભડતી આગમાં શેકાતા જીવોને આ સત્ય નથી ગમતું. તેમને આ સત્ય ભલે ન ગમે, પણ એથી કાંઇ એની સત્યતાને આંચ આવવાની નથી. જેમની આંખો કેવળ ભોગો સામે જ ઠરે છે તેઓને ધર્મ બિનજરૂરી લાગે છે. તેમનું કહેવું છે કે—

(ભોજનથી ભૂખ ભાંગે છે. પાણીથી તૃષા છીપે છે. વસ્ત્રોથી ઠંડી ગરમી વગેરેમાં શરીરનું રક્ષણ થાય છે. મકાન રહેવા આશરો આપે છે ધનથી વિષય સુખનાં સાધનો મેળવીને વિષય સુખ ભોગવી શકાય છે. આમ અન્ન, પાણી, વસ્ત્ર, મકાન, ધન વગેરે જીવન જીવવામાં કામ લાગે છે પણ ધર્મ કોઇ કાંઈ કામમાં નથી આવતો. ધર્મ ન કરવાથી કશું જ અટકતું નથી. તેમ ધર્મ કરવાથી કંઈ મળતું પણ નથી. આથી ધર્મ તદ્દન નિરુપયોગી છે.

એવાઓને આપણે પ્રશ્ન કરી શકીએ છીએ કે- જૂઓ પેલું આંબાનું ઝાડ ખડું છે. તેના દરેક અવયવો જુદા

જુદા કામમાં આવે છે, પણ એક અવયવ કામમાં આવતો નથી. લાકડાં મકાન બાંધવામાં કામ લાગે છે. મંજરીઓ કોયલને લહેજત ઉપજાવે છે. પણો તોરણ વગેરે કામમાં આવે છે. એની ઘટાદાર છાયામાં બેસીને પ્રાણીઓ ગરમીને દૂર કરે છે ફળો ભોજનમાં કામ લાગે છે. પણ એનાં મૂળિયાં કશા કામમાં આવતાં નથી. આથી જો એનાં મૂળિયાં-ઓને ઉખેડી નાખવામં આવે તો શું થાય ? મૂળિયાંઓને ઉખેડનારને મૂર્ખ શિરોમણિ જ કહેવો પડે

તેમ પ્રસ્તુતમાં અન્ન વગેરે દરેક ઉપયોગી વસ્તુઓની પ્રાપ્તિનું મૂળ ધર્મ જ છે. ઝાડના મૂળ વિના થડ વગેરે ન ટકે તેમ ધર્મ રૂપ મૂળ વિના અન્ન આદિ રૂપ થડ વગેરે ન ટકે.) એકને પેટે પાટા બાંધવા પડે છે. એકને ત્યાં એંઠવાડ પડે છે એકને પેટની પૂર્તિ માટે ફરવું પડે છે. એકને પેટને ખાલી કરવા ફરવું પડે છે. એકની પાસે અગણિત સંપત્તિ છે, પણ તે તેનો ભોગ- ઉપભોગ કરી શકતો નથી એક ભોગ-ઉપભોગ કરી શકે છે પણ રહેવા ઝુંપડી પણ મળતી નથી. આની પાછળ શું કારણ છે ? આની પાછળ કોઇ તત્ત્વ કામ કરે છે એમ વિદ્વાનો માન્યા વિના રહે નહિ. આ તત્ત્વ છે ધર્મ-પુણ્ય અને અધર્મ પાપ

પૂ આચાર્ય શ્રીહરિભદ્રસૂરિ મહારાજે આ ગ્રંથના બીજા જ શ્લોકમાં સર્વ પ્રકારની સંપત્તિનું મૂળ ધર્મ જ છે એમ નિર્દેશ કર્યો છે. આથી સર્વ પ્રકારના દુઃખનું મૂળ ધર્મવિરોધી પાપતત્ત્વ જ છે એમ પણ ગર્ભિત રીતે સૂચન કરી દીધું છે.

ધર્મ કરવા છતાં, અજ્ઞાનતાની કારમી બિમારીમાં સપડાયેલા જીવો તરફથી એક ફરિયાદ આવે છે કે અમે ધર્મ ઘણો કરીએ છીએ, પણ તેનું ફળ દેખાતું નથી. જેઓ ધર્મનો ઈન્કાર કરે છે એ જીવો જેમ મહાપુરુષોની દૃષ્ટિએ દયાપાત્ર છે, તેમ ધર્મ કરવા છતાં, અજ્ઞાનતા આદિના કારણે ધર્મનું ફળ નથી મેળવી શકતા તેઓ પણ મહાપુરુષોની દૃષ્ટિએ દયાપાત્ર છે. અમે ધર્મ ઘણો કરીએ છીએ છતાં ફળ દેખાતું નથી એમ કહેનાર ધર્મના ફળથી અજ્ઞાત છે, અથવા તો ધર્મ કરવાની યોગ્યતાથી રહિત છે, એમ કહેવું પડે. **કારણ કે ધર્મ કરે અને એનું ફળ ન મળે એ બને જ નહિ. સૂર્ય ઊગે અને પ્રકાશ ન થાય એ કદી ન બને.**

વ્યવહારમાં કેટલાંક કાર્યો તુરત ફળ આપે છે, જ્યારે કેટલાક કાર્યો કાલાંતરે ફળ આપે છે. સ્વીચ (બટન) દબાવતાંની સાથે જ ઘરમાં વિજળીનો પ્રકાશ થાય છે. ખોરાક ખાધો કે તરત તૃપ્તિ મળે છે. પણ નોકરી મળતાંની સાથે પગાર મળી જતો નથી. બીજ વાવતાંની સાથે જ તેનું ફળ મળતું નથી. પણ ધર્મ માટે એવું નથી. ધર્મથી અવશ્ય તુરત ફળ મળે છે અને કાલાંતરે નવું ફળ મળે છે ધર્મ રૂપ બીજનું રોપણ થયું કે તુરત ફળ મળે છે. માટે જ મહાપુરુષો ધર્મ રૂપ બીજને અસાધારણ બીજ કહે છે.

આથી ધર્મ કરનાર દરેકની ફરજ છે કે ધર્મના ફળોને બરોબર જાણી લેવા જોઇએ. પૂ આ. શ્રીહરિભદ્રસૂરિ મહારાજે આ ગ્રંથમાં સાતમા અને આઠમા અધ્યાયમાં ધર્મફળનું સુંદર

વર્ણન કર્યું છે. એ વિષય અત્યંત વિચારણીય છે. ધર્મ ફળના અનંતર અને પરંપર એ બે ભેદો બતવીને અનંતર ફળમાં—તુરત પ્રાપ્ત થતા ફળમાં મુખ્ય ત્રણ બાબતો બતાવી છે. (૧) **રાગાદિ દોષોની હાનિ. (૨) ઉદારતા આદિ ગુણોની વૃદ્ધિ. (૩ લોકપ્રિયતા-લોકોના પ્રેમને સંપાદન કરવું.** રાગાદિ દોષોની હાનિ ન થાય ત્યાં સુધી ગુણોની વૃદ્ધિ ન થાય. રાગાદિ દોષોની હાનિ થતાં સ્વાભાવિક રીતે જ ઉદારતા આદિ ગુણોની વૃદ્ધિ થાય છે. જેનામાં રાગાદિ દોષો મંદ છે અને ઉદારતા આદિ ગુણો પ્રબળ છે તે સજ્જનોને પ્રિય કેમ ન બને ?

ધર્મી માણસમાં રાગાદિ દોષો ન જ હોય એમ નહિ. પણ એ દોષો અતિ મંદ હોવાથી, દોષો જેમ અધર્મીને નચાવે તેમ તેને નચાવી શકે નહિ અધર્મી ઘડીકમાં છાતી કાઢીને ચાલે અને ઘડીકમાં વકો વળીને ચાલે પુણ્યના ઉદયથી થોડી અનુકૂળતા મળી જતાં છાતી કાઢીને ચાલે અને પુણ્ય પરવારતાં પ્રતિકૂળતા આવવાથી વાંકો વળીને ચાલે. જ્યારે ધર્મી માણસ બંને પ્રકારની અવસ્થાને પુણ્ય પાપનો ખેલ સમજી બંને અવસ્થામાં સ્વસ્થ રહે છે. આથી એનું જીવન શાંતિમય હોય છે.

ઉદારતા, દાક્ષિણ્યતા, પાપનો ભય વગેરે ગુણોના યોગે એનું જીવન સજ્જનોને આકર્ષણ કરનાર બને છે. ઉદારતા ગુણના યોગે એ કેવળ પોતાના જ પેટ તરફ દૃષ્ટિ ન રાખે. એ યથાશક્તિ બીજાને પણ આપે. એ જેટલો ખાઈને આનંદ ન પામે તેટલો ખવરાવીને આનંદ પામે. કેવળ

**ધનાદિ આપવું એ જ ઉદારતા નથી. બીજાના દોષોને ખમી ખાવા એ પણ ઉદારતા છે.** પોતાનું અપમાન કરનાર પ્રત્યે પણ પ્રેમ રાખવો એ પણ ઉદારતા છે. છીછરા હૃદયવાળા માણસો પોતાના દોષો તરફ દૃષ્ટિ નથી કરતા, બીજાઓના દોષો લક્ષ્યમાં રાખે છે અને દોષિત પ્રત્યે અયોગ્ય રીતે વર્તે છે. જ્યારે ઉદાર હૃદયવાળા માણસો પોતાના દોષો તરફ દૃષ્ટિ કરે છે અને બીજાની ભૂલો ક્ષન્તવ્ય ગણે છે. એને મળેલી સંપત્તિ બીજાનું પણ હિત કરનારી બને છે............દાક્ષિણ્યતા આદિ ગુણોના યોગે એ સર્વત્ર ઔચિત્યનું પાલન કરે. બજારમાં, ઘરમાં, ઉપાશ્રયમાં, મંદિરમાં વગેરે સ્થળે ઉચિત રીતે વર્તે. આવો જીવ સજ્જનોને અવશ્ય પ્રિય બને. આવો જીવ સદા-ગમે તેવા પ્રસંગોમાં શાંતિ અનુભવે છે

ધર્મના પરંપર ફળ રૂપે દેવગતિ, ત્યાં વિશિષ્ટ પ્રકારની સુખસામગ્રી, ત્યાંથી ચ્યવન થતાં મનુષ્યભવ, વિશિષ્ટ દેશ, ............સ્વપરને હિતકારી ઉચ્ચ પ્રકારની સંપત્તિ, ..........યાવત્ અંતે મોક્ષ મળે છે. આમ અર્થ અને કામ એ પરંપર ફળો છે. આથી તે ફળો ધર્મ કરવાની સાથે મળે જ એવો નિયમ નાહ. જ્યારે અનંતર ફળો ધર્મ કરવાની સાથે મળે જ.

પણ ખેદની વાત છે કે–અજ્ઞાન લોકો ધર્મના સંપત્તિ આદિ પરંપર ફળોને = બાહ્ય ફળોને યાદ રાખે છે અને રાગાદિ દોષોની હાનિ વગેરે અનંતર ફળોને–અભ્યંતર

ફળોને ભૂલી જાય છે. એથી ધર્મ કરવા છતાં ફળ નથી દેખાતું એમ બોલે છે જે જીવો કેવળ બાહ્ય ફળને જ ધર્મના ફળ રૂપે ગણે છે તેઓ ધર્મને સમજી શક્યા નથી- ધર્મનું મૂલ્યાંકન કરી શક્યા નથી. **ધર્મનું અભ્યંતર ફળ જ મુખ્ય છે.** આથી ધર્મીએ સંપત્તિ વગેરે બાહ્ય ફળોને ગૌણ કરી દોષહાનિ વગેરે અભ્યંતર ફળો તરફ લક્ષ્ય રાખવું જોઈએ.

ધર્મ કરવા છતાં જો દોષહાનિ વગેરે ફળો ન મળે તો સમજવું કે આપણે હજી ધર્મ પામ્યા નથી. **જેમ જેમ ધર્મ વધતો જાય તેમ તેમ રાગાદિ દોષો મંદ પડતા જવા જોઈએ અને એથી ઉદારતા આદિ ગુણોની વૃદ્ધિ થતી જવી જોઈએ. આથી ધર્મ કરતાં મારામાં રાગાદિ દોષો ઘટે છે કે નહિ એનું પ્રતિદિન નિરીક્ષણ કરવું જોઈએ.** આ ગ્રંથના કર્તાએ પોતાના રચેલા યોગશતક નામના ગ્રંથમાં **આયપેહણમતિ- નિઉણં દોસવેક્ખાએ** એ શબ્દોથી આ જ વિષયનો નિર્દેષ કર્યો છે. સાધકે દોષોની અપેક્ષાએ અતિનિપુણ આત્મપ્રેક્ષણ કરવું જોઈએ. **અર્થાત્** મારામાં કયા કયા દોષો અધિક છે? રાગ વધારે છે? દ્વેષ વધારે છે? ક્રોધ વધારે છે? માન વધારે છે? માયા વધારે છે? લોભ વધારે છે? એમ સાધકે પ્રતિદિન આત્મનિરીક્ષણ કરવું જોઈએ. દોષોનું નિરીક્ષણ કરવાથી જ દોષોની હાનિ કે વિનાશ થાય છે

મોટા ભાગના લોકો મારે કઈ કઈ પ્રતિકૂળતાઓ છે તેનું નિરીક્ષણ કરે છે, પણ મારામાં ક્યા ક્યા દોષો છે તેનું નિરીક્ષણ કરતા નથી. દેવપૂજા, દેવદર્શન, વ્યાખ્યાન-શ્રવણ, સામાયિક, પ્રતિક્રમણ વગેરે ધર્મક્રિયાઓ **કરનારાઓમાં પણ પ્રતિદિન આત્મનિરીક્ષણ કરનારા બહુ ઓછા છે. એથી એ ક્રિયાઓથી જે ફળ મળવું જોઇએ તે મળતું નથી.** એક બાજુ દેવપૂજા આદિ ઉત્તમ ક્રિયાઓ કરે, જ્યારે બીજી બાજુ ધર્મીને અયોગ્ય અન્યાય, ક્લેશ-કંકાસ, અસભ્ય ભાષણ વગેરે પ્રવૃત્તિ કરે, નીતિથી ચાલી શકે તેમ હોવા છતાં બજારમાં જઇને અન્યાય-અનીતિ લાંચ-રુશ્વત કરીને અન્યનું ગળું કાપે, જ્યાં ત્યાં ક્લેશ-કંકાસ અને અયોગ્ય ભાષણ કરે, અને એ વિશે જરા દુઃખ ન થાય તો સમજવું જોઇએ કે, બાહ્ય દૃષ્ટિએ ધર્મ કરવા છતાં હજી તે ધર્મ કરવાને યોગ્ય નથી. આવા લોકો ધર્મનું ફળ પામી શકતા નથી. મારામાં એક બાજુ ધર્મ ક્રિયાઓ વધતી દેખાય છે અને બીજી બાજુ નીતિ સદાચાર વગેરે ગુણોનો અભાવ દેખાય છે તો એમાં શું કારણ છે એમ કેટલા વિચાર કરે છે? **શાણો વેપારી રોજ હિસાબ તપાસે અને જરા ખોટ જાય તો કારણ શોધે તેમ સાચો ધર્મી દરરોજ આત્મનિરીક્ષણ કરે અને દોષો દૂર કેમ થતા નથી એનો વિચાર કરે, દોષોને દૂર કરવાના બનતા ઉપાયો કરે.**

ધર્મ કરવા છતાં ધર્મના બાહ્ય ફળો મળે કે ન મળે, પણ આંતરિક ફળો તો અવશ્ય મળવાં જ જોઇએ અને

એ જ ધર્મનાં મુખ્ય ફળો છે. ધર્મ કરવા છતાં જો દોષોની હાનિ વગેરે આંતરિક ફળો ન મળે તો તેમાં ધર્મની ખામી-ન્યૂનતા કારણ નથી, પણ આપણી અયોગ્યતા કારણ છે. જગતના ભૌતિક પદાર્થો પણ સેવન કરનારની યોગ્યતા વિના ફળ ન આપી શકે તો પછી ધર્મ જેવી ઉત્તમ વસ્તુ યોગ્યતા વિના ફળ કેમ આપે ! આથી જ આ ગ્રંથકારે ધર્મના ભેદો બતાવવાની સાથે સાથે તે તે ધર્મ કરવાને માટે કોણ યોગ્ય છે તે પણ હેતુ પૂર્વક જણાવ્યું છે. **યોગ્યતા વિના ધર્મ સ્વીકારવાની અને આપવાની સાફ સાફ ના પાડી છે.**

દૂધપાક ઉત્તમ પુષ્ટિકારક હોવા છતાં માતા બાળકને દૂધપાક પાતી નથી. કેમ ? કોઇ એમ કહેતું હોય કે સાકર તો જે ખાય તેને ગળી જ લાગે, ધર્મ પણ સાકર જેવો છે, માટે દરેકને કેમ ન અપાય તો એ ભૂલે છે. ગધેડાને સાકર પણ ન ભાવે. તાવવાળાને સાકર ન અપાય. **આથી સારી વસ્તુ પણ યોગ્યને જ લાભ કરે છે.** અયોગ્યને ધર્મ આપવાથી આપનારની, ધર્મ બતાવનાર દેવની અને ધર્મની લઘુતા થાય છે. આથી જ પ્રસ્તુત ગ્રંથના કર્તાએ પોતાના અનેક ગ્રંથોમાં ધર્મ લેનારે પોતાનામાં ધર્મની યોગ્યતા છે કે નહિ તથા ધર્મ આપનારે હું જેને ધર્મ આપું છું તેનામાં ધર્મની યોગ્યતા છે કે નહિ તેનું કાળજીથી નિરીક્ષણ કરવું જોઇએ એમ સ્પષ્ટ કહ્યું છે.

પોતાની યોગ્યતા વિના ધર્મ સ્વીકારનાર પોતે તો ધર્મનું ફળ પામી નથી શકતો, પણ બીજાઓને પણ ધર્મથી

ઉમગાવે છે, ધર્મની ફજેતી કરે છે. માટે દરેક ધર્મીએ પોતાની ધર્મની યોગ્યતાનો વિચાર કરીને જો યોગ્યતા ન જણાય તો યોગ્યતા કેળવવા પ્રયત્ન કરવો જોઇએ. જેથી ફરીને ધર્મની લઘુતા ન થાય. આ માટે ધર્મનાં ફળો, ધર્મનું સ્વરૂપ, તથા તે તે ધર્મને માટે કોણ યોગ્ય બની શકે છે વગેરે જાણવું જરૂરી છે આ ગ્રંથમાં મુખ્યતયા આ ત્રણ બાબતો વિસ્તારથી બતાવવામાં આવી છે. આથી **આ ગ્રંથ સાચા ધર્મી બનવાની ઈચ્છાવાળા દરેકને માટે માત્ર ઉપયોગી નહિ. કિન્તુ અતિ ઉપયોગી છે, એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી.** માટે દરેક ધર્મીએ આ ગ્રંથનું બરોબર અધ્યયન કરવું જોઇએ. એકવાર વાંચીને કબાટમાં કે પેટીમાં મૂકી દેવાથી આ ગ્રંથ નહિ સમજી શકાય. વારંવાર તેનું પરિશીલન કરવું જોઇએ. જેઓને ધર્મનું વિશિષ્ટ જ્ઞાન નથી તેવાઓ આ ગ્રંથમાં આવતા કેટલાક પારિભાષિક કે અપરિચિત શબ્દો સમજી ન શકે એ સંભવિત છે. આ માટે પાછળ પરિશિષ્ટોમાં પારિભાષિક કે અપરિચિત શબ્દોની સમજૂતી આપવાની ઈચ્છા હોવા છતાં સંયોગોની અનુકૂળતાના અભાવે ઇચ્છા પૂર્ણ થઇ શકી નથી. આથી વાંચકો તેવા પારિભાષિક કે અપરિચિત શબ્દો ગુરુગમથી જાણી લેશે એવી આશા રાખું છું. આ ગ્રંથને આદિથી અંત સુધી બરોબર સમજીને તેનું પરિશીલન કરવામાં આવે તો ધર્મનાં ફળો વગેરેનું સુંદર બોધ થઇ જાય. પછી જે ધર્મ થાય તેની મજા ઓર જ આવે. પછી ધર્મ કરવા છતાં તેનું ફળ

કેમ નથી મળતું એ પ્રશ્ન નહિ રહે.

**ફરી એકવાર કહી દેવા દો કે ધર્મનું મુખ્ય ફળ રાગાદિ દોષોની હાનિ વગેરે છે. જો યોગ્યતા કેળવીને ધર્મ કરવામાં આવે તો તે ફળ અવશ્ય મળે છે અને એ જ મુખ્ય ફળ છે. માટે વાંચકો! ધર્મના ફળનો હિસાબ બાહ્ય ભૌતિક સામગ્રીની દૃષ્ટિએ કરશો જ નહિ, આંતરજીવનની દૃષ્ટિએ કરશો. એથી તમારું જીવન શાંતિમય બનશે.**

આ ગ્રંથ સાધુ, સાધ્વી, જૈન ગૃહસ્થ, જૈનેતર ગૃહસ્થ એ દરેકને ઉપયોગી છે. કારણ કે તેમાં સામાન્ય (જૈન-જૈનેતર સર્વને માટે જરૂરી) ગૃહસ્થ ધર્મથી માંડી અંતિમ કક્ષાના સાધુધર્મ સુધીના દરેક ધર્મનું સુંદર નિરૂપણ કરવામાં આવ્યું છે. આ ગ્રંથ આઠ અધ્યાયમાં વહેંચાયેલો છે તેમાં **ગૃહસ્થ-ધર્મવિધિ** નામના પ્રથમ અધ્યાયમાં સામાન્ય ગૃહસ્થ ધર્મનું વિશદ રૂપે વર્ણન કરવામાં આવ્યું છે સામાન્ય ગૃહસ્થ ધર્મનું જે પાલન કરી શકે તે જ વિશેષગૃહસ્થ ધર્મને યોગ્ય બને છે. આથી **દેશનાવિધિ** નામના બીજા અધ્યાયમાં સામાન્ય ગૃહસ્થ ધર્મનું પાલન કરનાર યોગ્ય જીવને વિશેષ ગૃહસ્થ ધર્મમાં જોડવા તેને કેવી રીતે અને કેવો ઉપદેશ આપવો તે જણાવવામાં આવ્યું છે. ગૃહસ્થ ધર્મવિધિ નામના ત્રીજા અધ્યાયમાં વિશેષ ગૃહસ્થ ધર્મનું સ્વરૂપ, તેને આપવાની વિધિ, તથા તેનું નિરતિચારપણે પાલન કરવાના ઉપાયો વગેરે બતાવવામાં આવ્યું છે.

વિશેષ ગૃહસ્થ ધર્મનું પાલન કરનાર જીવ યતિધર્મને-સર્વવિરિતિ રૂપ ચારિત્રને યોગ્ય બને છે માટે યતિવિધિ નામના ચોથા અધ્યાયમાં યતિનું સ્વરૂપ, યતિધર્મ સ્વીકારની યોગ્યતા, યતિધર્મ આપનારની યોગ્યતા, યતિધર્મ સ્વીકારતાં પહેલાં બજાવવાની ફરજો, યતિધર્મ સ્વીકાર્યા પછી કેવી રીતે વર્તવું વગેરેનું વર્ણન છે. જેમ ગૃહસ્થધર્મ બે પ્રકારે છે તેમ ચારિત્રધર્મ પણ સાપેક્ષ અને નિરપેક્ષ એમ બે પ્રકારે છે. પાંચમા યતિધર્મ વિધિ નામના અધ્યાયમાં પ્રારંભમાં સાપેક્ષ-યતિધર્મનું અને અંતે નિરપેક્ષ યતિધર્મનું વર્ણન કરવામાં આવ્યું છે. યતિધર્મ વિષય નામના છઠ્ઠા અધ્યાયમાં કોણ સાપેક્ષ યતિધર્મ સ્વીકારી શકે અને કોણ નિરપેક્ષ યતિધર્મ સ્વીકારી શકે ઇત્યાદિનું વર્ણન કરવામાં આવ્યું છે. ધર્મ-ફલવિધિ નામના સાતમા અધ્યાયમાં ધર્મના અનંતર અને પરંપર ફળોનું વિસ્તારથી નિરૂપણ કરવામાં આવ્યું છે. આઠમા ધર્મફલવિધિ નામના અધ્યાયમાં પરંપર ફળના સામાન્ય અને વિશેષ એમ ભેદો બતાવીને બંને પ્રકારનાં ફળો જણાવ્યાં છે અને પ્રાસંગિક મોક્ષસુખ આદિનું સુંદર નિરૂપણ કર્યું છે.

આમ આ ગ્રંથમાં સંક્ષેપમાં ઘણું ઘણું બતાવી દીધું છે. પ્રસ્તુત ગ્રંથના કર્તા આચાર્ય શ્રી હરિભદ્રસૂરિ મહારાજે આ ગ્રંથના પહેલા શ્લોકમાં “સિંધુમાંથી જળના બિંદુની જેમ શ્રુત રૂપ મહાસાગરમાંથી ધર્મરૂપ બિંદુનો ઉદ્ધાર કરીને ધર્મબિંદુ નામના ગ્રંથને કહીશ” એમ જણાવ્યું છે. તેમણે સિંધુમાંથી બિંદુનો ઉદ્ધાર કર્યો છે, એટલું જ નથી

પણ સાથે સાથે એ બિંદુમાં સિંધુને સમાવી દીધો છે. સિંધુમાંથી બિંદુનો ઉદ્ધાર કરવા છતાં, જો તે બિંદુમાં સિંધુ ન સમાયો હોય તો એ બિંદુનું મહત્ત્વ નથી રહેતું. **આ મહાપુરુષે સિંધુમાંથી બિંદુનો ઉદ્ધાર એવી રીતે કર્યો છે કે બિંદુમાં સિંધુને સમાવી દીધો છે ખરી કળા પણ આ જ છે. બીજા શબ્દોમાં કહીએ તો ગાગરમાં સાગરનો સમાવેશ કર્યો છે.**

આવી રીતે બિંદુમાં સિંધુનો સમાવેશ કરનાર સૂત્રાત્મક ગ્રંથોમાં પ્રથમ નંબર ચૌદપૂર્વધર ભગવાન શ્રી ઉમાસ્વાતિ મહારાજ વિરચિત **તત્ત્વાર્થ સૂત્રનો** છે બીજો નંબર **પ્રસ્તુત ગ્રંથનો** છે. ત્રીજો નંબર શ્રી વાદિદેવસૂરિ વિરચિત **પ્રમાણનય તત્ત્વાલોક** ગ્રંથનો છે. આ ત્રણે ગ્રંથો ભિન્ન ભિન્ન વિષયના હોવાથી પોત પોતાના વિષયમાં તે તે ગ્રંથ પ્રથમ નંબરે ગણી શકાય તત્ત્વાર્થ સૂત્રમાં દ્રવ્યાનુયોગ વગેરે અનુયોગોનું વર્ણન હોવા છતાં મુખ્યતયા દ્રવ્યાનુયોગ વિષયનો આ ગ્રંથ છે. પ્રસ્તુત ગ્રંથમાં પણ જુદા જુદા અનુયોગોનું નિરૂપણ હોવા છતાં મુખ્યતયા ચરણ-કરણાનુ-યોગનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે પ્રમાણનય-તત્ત્વાલોક ગ્રંથમાં મુખ્યતયા ન્યાયનો વિષય આવે છે. તે તે વિષયને સમજવા આ ત્રણે ગ્રંથો અતિ મહત્ત્વના છે.

ચરણકરણાનુયોગને સંક્ષેપમાં સમજવા આ ધર્મબિંદુ ગ્રંથ અતિ ઉપયોગી છે સર્વ કોઈ આ ગ્રથનું સુંદર વાંચન મનન પરિશીલન કરી આધ્યાત્મિક વિકાસ સાધે એજ શુભેચ્છા

નગીનભાઈ હોલ, પાટણ.
મૌન એકાદશી — મુનિ રાજશેખર વિજય

# પ્રકાશકીય નિવેદન

પ્રસ્તુત ગ્રંથ શ્રી ધર્મબિંદુ (ગુજરાતી અર્થ સહિત) અમારા સ્વર્ગસ્થ પરમપૂજ્ય પિતાશ્રી **લહેરૂભાઇ ભોગીલાલના** સ્મરણાર્થે શરૂ કરેલ ગ્રંથમાલાના બીજા પુસ્તક રૂપે સમાજ સમક્ષ મૂકતાં અમને અત્યંત હર્ષ થાય છે.

અમારા પૂ પિતાશ્રી જે સુંદર રીતે પોતાનું જીવન જીવી ગયા તેનું સ્મરણ થતાં અત્યારે પણ અમારું હૃદય ખરેખર પુલકિત બને છે. તેઓશ્રીનું હૃદય બાલ્યાવસ્થાથી જ ધર્મરુચિવાળું હતું. ધાર્મિક અભ્યાસમાં પ્રકરણો ઉપરાંત કર્મગ્રંથ આદિમાં તથા સંસ્કૃત સાહિત્યમાં પણ તેમનું વાંચન અને મનન ખરેખર અસાધારણ હતું. કલિકાલ સર્વજ્ઞ આચાર્યશ્રી હેમચંદ્ર સૂરીશ્વરજી મહારાજના બનાવેલા ગ્રંથો પૈકી યોગશાસ્ત્ર તથા વીતરાગસ્તોત્ર તેઓશ્રીએ કંઠસ્થ કર્યા હતા. તેમજ તત્ત્વાર્થાધિગમ સૂત્રનાં મૂળ સૂત્રો પણ તેઓશ્રીએ કંઠસ્થ કર્યાં હતાં.

તેઓશ્રીની ધર્મજ્ઞાન પ્રત્યેની અત્યંત અભિરુચિને લક્ષ્યમાં રાખીને તદનુસાર તેમના સ્મારક તરીકે આગમ ગ્રંથોને લખાવવાની તથા પુસ્તક પ્રકાશનની પ્રવૃત્તિ ચાલુ રહે તેવી અમારી ભાવના થઇ. આ વખતે પાટણમાં નગીનભાઇ હોલમાં દીર્ઘતપસ્વી પ. પૂ. પં. શ્રી કાન્તિ વિજયજી મહારાજશ્રીની સ્થિરતા હોઇ તેઓશ્રીએ અમારા પિતાશ્રીના સ્મરણાર્થે ધાર્મિક પુસ્તકો છપાવવા તથા લખાવવા આદિ ધાર્મિક જ્ઞાનના ફેલાવામાં અમુક દ્રવ્યનો સદુપયોગ કરવા અમોને પ્રેરણા કરી. તે મુજબ અમોએ રૂા. ૩૦૦૧)

શ્રી કેશરબાઇ જૈન જ્ઞાનમંદિરમાં મૂકી **શેઠ લહેરુચંદ ભોગીલાલ સ્મારક ગ્રંથમાળા** શરૂ કરી હતી.

પૂ. શ્રીસાધુ-સાધ્વીજી મહારાજો વગેરેને કંઠસ્થ કરવા લાયક યોગશાસ્ત્ર વગેરે મૂળ ગ્રંથો છપાવીને પ્રકાશન કરવાની અમારી ઘણા વખતની ભાવના હતી. ગતવર્ષમાં પાટણમાં નગીનભાઇ હોલમાં સ્વર્ગસ્થ સિદ્ધાંત મહોદધિ પૂ. પા. આચાર્ય શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજના પરમગીતાર્થ શિષ્યરત્ન પૂ પા. પં. શ્રીહેમંતવિજયજી ગણિવરના સુવિનીત શિષ્યરત્ન પૂ મુનિરાજ શ્રી લલિતશેખર વિ મ તથા તેમના શિષ્ય પૂ. મુ. શ્રી રાજશેખર વિ. મ. આદિ ઠાણા ચાતુર્માસાર્થે બિરાજમાન હતા. તેઓશ્રીને અમારી આ ભાવના વ્યક્ત કરી અને ગ્રંથોનું સંપાદનાદિ કાર્ય કરી આપવા વિનંતી કરી. આથી તેઓશ્રીએ વડિલોની અનુજ્ઞા મેળવી આ ગ્રંથનું સંપાદન આદિ કાર્ય કરીને અમારી ભાવનાને સફળ બનાવવાથી અમારા ઉપર ઉપકાર કર્યો છે.

શ્રી રતિલાલ અમૃતલાલ વકીલે પ્રેસના કાર્ય માટે આત્મીય ભાવે આપેલો સંપૂર્ણ સહકાર તથા વિનોદભાઇએ મુદ્રણ કાર્ય શીઘ્ર કરીને આપેલી અનુકૂળતા ચિર સ્મરણીય રહેશે.

સાણંદના શ્રી વિજય અણસૂર જુદા ગચ્છ તરફથી રૂા. ૨૦૦) તથા શ્રી વિજય અણસૂર મોટા ગચ્છ તરફથી રૂા. ૧૦૦)ની આ ગ્રંથ પ્રકાશનમાં સહાયતા મળી છે.

પડીગુંદીનો પાડો — **કાંતિલાલ લહેરુચંદ શાહ**
પાટણ ( ઉ. ગુ. ) — **ભગવાનદાસ લહેરુચંદ શાહ**

ॐ नमः

# – પ્રથમ અધ્યાય –

પરમાત્માને પ્રણામ કરીને સિંધુમાંથી જળબિંદુની જેમ શ્રુતરૂપ મહાસાગરમાંથી ધર્મરૂપ બિંદુનો ઉદ્ધાર કરીને (યથાર્થ નામવાળા) ધર્મબિન્દુ ગ્રંથને હું કહીશ. (૧)

ધર્મ જ ધનના અર્થીઓને ધન આપે છે, કામના–વિષયસુખના અભિલાષુકોને સર્વ પ્રકારના મનોહર વિષય સુખો આપે છે, અને આગળ વધીને(મોક્ષ ાર્થીને ધનાદિ આપવા દ્વારા) પરંપરાએ મોક્ષ આપે છે. (૨)

અવિરુદ્ધ આગમવચનમાં જે રીતે પ્રતિપાદન કરવામાં આવ્યું છે, તે રીતે મૈત્રી આદિ ભાવ પૂર્વક વર્તવું તે ધર્મ. (૩)

સાધક બે પ્રકારના હોવાથી આ ધર્મ ગૃહસ્થધર્મ અને યતિધર્મ એમ બે પ્રકારનો છે. (૧)

ગૃહસ્થધર્મ સામાન્ય અને વિશેષ એમ બે ભેદે છે. (૨)

સામાન્ય ગૃહસ્થ ધર્મ:-

ધન મેળવવા પોતાની આર્થિક સ્થિતિ આદિનો વિચાર કરીને, કુળક્રમથી આવેલ, અનિંદ્ય અને ન્યાયપૂર્વક પ્રવૃત્તિ કરવી. (૩)

ન્યાયથી મેળવેલું ધન આ લોક પરલોકના સુખને માટે થાય છે. (૪)

કારણ કે ન્યાયોપાર્જિત ધનનો નિઃશંકપણે પરિભોગ થઈ શકે છે અને વિધિપૂર્વક તીર્થગમન, સુપાત્ર દાન, અનુકંપાદાન આદિ થઈ શકે છે. (૫)

અન્યાયથી મેળવેલું ધન ઉભય લોકના અહિત માટે થાય છે. (૬)

અન્યાયથી મેળવેલું ધન શીઘ્ર નાશ પામે છે. કદાચ તે નાશ ન પામે તો પણ 'મત્સ્યગલભક્ષણ' આદિની જેમ પરિણામે દુઃખદાયી બને છે. (૭)

ન્યાય જ ધનપ્રાપ્તિનો શ્રેષ્ઠ ઉપાય છે એમ શાસ્ત્રજ્ઞાતાઓ કહે છે (૮)

કારણકે ન્યાયથી અર્થપ્રાપ્તિમાં વિઘ્નભૂત લાભાંતરાય કર્મનો અવશ્ય નાશ થાય છે. (૯)

આથી ભવિષ્યમાં ધનની પ્રાપ્તિ અવશ્યથાય છે. (૧૦)

અન્યાયથી ધન મેળવવામાં અર્થપ્રાપ્તિ થાય કે ન પણ થાય, પણ અનર્થ-દુઃખ તો નિશ્ચિત છે. (૧૧)

અન્યગોત્રમાં ઉત્પન્ન થયેલ, ઘણા લોકોથી અવિરુદ્ધ, તથા કુલ, શીલ, વ્યવહાર આદિથી સમાન વ્યક્તિની સાથે લગ્ન કરવા. (૧૨)

દૃષ્ટ-આ લોકમાં અને અદૃષ્ટ-પરલોકમાં દુઃખનું કારણ બને તેવી અન્યાય જુગાર આદિ તથા મદ્ય-માંસનું સેવન આદિ પ્રવૃત્તિનો ભય રાખવો. (૧૩)

શિષ્ટાચારની પ્રશંસા કરવી (૧૪)

અરિ ષડવર્ગનો-કામ, ક્રોધ, લોભ, માન, મદ અને હર્ષ એ અંતરંગ છ શત્રુઓનો ત્યાગ અને ધર્મ-અર્થથી અવિરુદ્ધ વિષયોના સેવનપૂર્વક ઇન્દ્રિયજય-અતિશય આસક્તિનો ત્યાગ કરવો. (૧૫)

ઉપદ્રવવાળા સ્થાનનો-ઘર આદિનો ત્યાગ કરવો. (૧૬)

પોતાનું રક્ષણ કરી શકે તેવી વ્યક્તિનો આશ્રય લેવો. (૧)

પ્રધાન–સૌજન્ય આદિ ગુણોથી ઉત્તમ અને સાધુ, સદાચારપ્રિય પરિવારનો સ્વીકાર કરવો. (૧૮)

નીચેના સૂત્રમાં કહ્યા મુજબ યોગ્ય સ્થાને ઘર બનાવવું. (૧૯)

અતિપ્રગટ– જ્યાં અન્ય ઘરો ન હોય, અતિગુપ્ત– જ્યાં ધીચોધીચ ઘરો હોય, અનુચિતપ્રાતિવેશ્મ્ય–જ્યાં જુગારી આદિનો સહવાસ હોય, આવા સ્થાનમાં ઘર ન બનાવવું. (૨૦)

વાસ્તુશાસ્ત્રોક્ત લક્ષણોથી યુકત ઘરમાં વાસ કરવો. (૨૧)

નિમિત્તશાસ્ત્ર આદિથી ઘરના લક્ષણોની પરીક્ષા– સૂક્ષ્મ નિરીક્ષણ કરવું. (૨૨)

ઘરમાં અનેક બારણાઓ આદિ ન રાખવા. (૨૩)

ઉદ્ભટ વેષનો ત્યાગ કરી પોતાની આર્થિક સ્થિતિ આદિના અનુસારે પહેરવેશ રાખવો. (૨૪)

આય– આવક પ્રમાણે વ્યય–ખર્ચ કરવો. (૨૫)

(શિષ્ટ સંમત) પ્રસિદ્ધ દેશાચરનું પાલન કરવું. (૨૬)

લોકમાં તથા લોકોત્તર શાસનમાં નિન્દિત મદ્ય, માંસ, પરસ્ત્રીગમન વગેરેનો સર્વથા ત્યાગ કરવો. (૨૭)

કોઈ પણ વ્યકિતનો અવર્ણવાદ બોલવો નહિ, તેમાં પણ રાજા, પ્રધાન, પુરોહિત તથા ઘણા લોકને માન્ય વ્યકિત વગેરેનો તો વિશેષ કરીને જરા પણ અવર્ણવાદ કરવો નહિ. (૨૮)

અસદાચારવાળાઓની સોબતનો ત્યાગ કરવો. (૨૯)

સદાચારવાળાઓની સાથે સંસર્ગ રાખવો. (૩૦)

માતા-પિતાની પૂજા કરવી. (૩૧)

માતા-પિતાને પરલોકના ધર્મવ્યાપારો કરાવવા. તેમની અનુજ્ઞાપૂર્વક સઘળી પ્રવૃત્તિ કરવી. સારભૂત અને નવીન વસ્તુઓ તેમને જ અર્પણ કરવી તેમના ભોજન પછી જ સ્વયં ભોજન કરવું. ખાસ કારણ હોય તો જુદી વાત. (૩૨)

સ્વ-પરને ઉદ્દ્વેગ ન થાય તેવી પ્રવૃત્તિ કરવી. (૩૩)

ભર્તવ્યોનું-સ્વાશ્રિતોનું પોષણ કરવું. (૩૪)

સ્વાશ્રિતોને યોગ્યતા પ્રમાણે ધર્મ-કર્મના વ્યાપારમાં જોડવા. (૩૫)

સ્વાશ્રિતોને જે જે જરૂરિયાતો હોય તે માટે કાળજી રાખવી. (૩૬)

સ્વાશ્રિતોની મુશ્કેલીઓ દૂર કરવા કાળજી રાખવી. (૩૭)

સ્વજન કે કોઇપણ વ્યક્તિ નિંદિત આચરણ કરે છે એમ લાગે તો પ્રથમ તે વિષે બરાબર માહિતગાર બનવું, અને હકીકત સત્ય હોય તો તેનો આદર સત્કાર ન કરવો. (૩૮)

દેવ, અતિથિ, દીન, ગરીબ વગેરેની પૂજા તથા અન્નપાનાદિનું પ્રદાન આદિ દ્વારા પ્રતિપત્તિ-સેવા કરવી (૩૯)

ઉત્તમ દૃષ્ટાંતોને અનુસરીને દેવાદિને ઉચિત-દેવાદિની યોગ્યતા પ્રમાણે પ્રતિપત્તિ-સેવા કરવી. (૪૦)

પોતાની પ્રકૃતિને અનુસારે સમયસર ક્ષુધા લાગે ત્યારે જ ભોજન કરવું. (૪૧)

ભોજનમાં લોલુપતાનો ત્યાગ કરવો. (૪૨)

અજીર્ણમાં ભોજનનો સર્વથા ત્યાગ કરવો. (૪૩)

શરીરમાં અશકિત આવતાં તેનો પ્રતિકાર કરવો. (૪૪)

દેશ અને કાળ વિરુદ્ધ ચર્યાનો ત્યાગ કરવો (૪૫)

તેને-લોકને ઉચિત વ્યવહાર કરવો. અર્થાત્ લોક વિરુદ્ધ વ્યવહારનો ત્યાગ કરવો. (૪૬)

જાતિ, વિદ્યા આદિથી હીન લોકોમાં પણ હીનક્રમે-તેમની યોગ્યતા પ્રમાણે લોકયાત્રા કરવી, એટલે કે તેઓ પ્રસન્ન રહે તેમ વર્તવું (૪૭)

સર્વ લોકોની સાથે અતિશય સંગ ન કરવો. (૪૮)

વૃત્તસ્થની-અસદાચારથી નિવૃત્ત અને સદાચારમાં પ્રવૃત્તની તથા જ્ઞાનવૃદ્ધની-અધિકજ્ઞાનવાળાની સેવા કરવી. (૪૯)

પરસ્પર સંકળાયેલ ધર્મ, અર્થ અને કામ એ ત્રિ-વર્ગનું સેવન એકબીજાને ઉપઘાત ન પહોંચે તે રીતે કરવું. (૫૦)

જો કોઈ એક પુરુષાર્થનો ઉપઘાત અનિવાર્ય હોય તો પ્રધાન પુરુષાર્થનું રક્ષણ અવશ્ય કરવું. કામનો ઉપઘાત થાય તો અર્થ અને ધર્મનું રક્ષણ કરવું, અને કામ અર્થ બંનેનો ઉપઘાત થાય તો પણ ધર્મનું રક્ષણ તો અવશ્ય કરવું. (૫૧)

કોઈ પણ કાર્યમાં પોતાની શક્તિ અશક્તિનો વિચાર અવશ્ય કરવો. (૫૨)

અનુબંધમાં-ધર્મ અર્થ કામની ઉત્તરોત્તર વૃદ્ધિમાં પ્રયત્ન કરવો. (૫૩)

કયા કાળે કઇ વસ્તુ લેવા યોગ્ય છે કે ત્યાગ કરવા યોગ્ય છે તેનો વિચાર કરવો. (૫૪)

પ્રતિદિન ધર્મ શ્રવણ કરવું. (૫૫)

સર્વ કાર્યોમાં અભિનિવેશનો-કદાગ્રહનો ત્યાગ કરવો. (૫૬)

ગુણોને વિશે પક્ષપાત રાખવો. (૫૭)

ઉહ અપોહ આદિનો યોગ કરવો. અર્થાત્ શુશ્રુષા આદિ બુદ્ધિના આઠ ગુણોથી યુક્ત બનવું. (૫૮)

આ પ્રમાણે જે ગૃહસ્થધર્મથી સંયુકત સુંદર ગૃહસ્થપણાનું પાલન કરે છે તે બુદ્ધિશાળી પુરુષ બંને લોકમાં અનિંદ્ય-શુભાનુબંધી સુખ પામે છે (૪)

દુર્લભ મનુષ્યપણાને પામીને આત્માનું હિત કરી લેવું જોઈએ. કારણકે અકાળે-અવસર જોયા વિના જ મૃત્યુ સઘળું અહીં જ ખલાસ કરી નાખે છે. (૫)

સંસારમાં સર્વત્ર મૃત્યુની સત્તા હોવાથી પુણ્યશાળી જીવોની ફરજ છે કે મૃત્યુને અટકાવવા અસમર્થ અને પરિણામે દુઃખ આપનારી સંપત્તિની મૂર્છાનો ત્યાગ કરી ધર્મની સુંદર આરાધના કરી લેવી. (૬)

॥ પ્રથમ અધ્યાય સંપૂર્ણ ॥

# બીજો અધ્યાય

પ્રાયઃ આવા પ્રકારના (ન્યાય આદિ ગુણોથી સંયુક્ત) ગૃહસ્થોમાં સમ્યગ્દર્શનાદિરૂપ સુધર્મના દુઃખી જીવો વિશે દયા આદિ બીજોનો-કારણોનો વિધિપૂર્વક પ્રક્ષેપ કરવામાં આવે તો સારી ભૂમિમાં વાવેલા બીજોની જેમ સારી રીતે ઊગી નીકળે છે. (૧)

જેમ જગતમાં ઉખર ભૂમિમાં-વાવેલા બીજોનો નાશ થાય છે કે ફલિત બનતા નથી, તેમ અયોગ્ય વ્યક્તિમાં

નાખેલા સુધર્મના બીજો પણ નાશ પામે છે કે ફલિત થતા નથી એમ વિદ્વાનો જાણે છે. (૨)

સદ્ધર્મ માટે સદ્ગૃહસ્થ જ યોગ્ય કેમ ?

જે અજ્ઞાની અયોગ્ય હોવાથી પોતાના જીવન નિર્વાહ માટે ઈષ્ટ તુચ્છ અનુષ્ઠાનોને પણ સારી રીતે સાધી શકતો નથી તે જીવ મહાન ધર્મને શી રીતે સાધી શકશે ? (૩)

આ પ્રમાણે સદ્ધર્મની દેશનાને યોગ્ય જીવનું વર્ણન કર્યું. હવે સદ્ધર્મની દેશના કેવી રીતે આપવી તેનું વર્ણન કરીશું. (૧)

સદ્ધર્મની દેશનાને યોગ્ય જીવનો સ્વભાવ તથા તે કયા દર્શનને માને છે તે પ્રથમ જાણી લેવું. (૨)

તેની પાસે સાધારણ-લૌકિક લોકોત્તર ગુણોની પ્રશંસા કરવી (૩)

બાદ સાધારણ ગુણોથી અધિક-વિશેષ ગુણો સારી રીતે કહેવા. (૪)

સારી રીતે ઉપદેશ આપવા છતાં બોધ ન પામે તો નિંદા ન કરવી. (૫)

કિંતુ શાસ્ત્ર શ્રવણની ઇચ્છા પ્રગટાવવી (૬)

વારંવાર ઉપદેશ આપવો. (૭)

બોધ પામે તો તેની બુદ્ધિની પ્રશંસા કરવી. (૮)

શાસ્ત્રો પ્રત્યે બહુમાન પેદા કરાવવા દ્વારા શાસ્ત્રોમાં પ્રવેશ કરાવવો. (૯)

આક્ષેપણી-તત્ત્વો પ્રત્યે આકર્ષણ કરનારી કથા કહેવી (૧૦)

જ્ઞાનાદિ પાંચ આચારોનું વર્ણન કરવું. (૧૧)

બાહ્ય ભૌતિક ઇચ્છા વિના શકય આચારોનું પાલન કરવા કહેવું. (૧૨)

અશકય આચાર પાલનમાં ભાવ રાખવા કહેવું. (૧૩)

આચાર પાલનના ઉપાયો બતાવવા. (૧૪)

આચાર પાલનથી મળતા આલોક પરલોકના ફળોનું વર્ણન કરવું (૧૫)

દૈવી ઋદ્ધિનું વર્ણન કરવું. (૧૬)

દેવલોકમાંથી ચ્યવી સુકુળમાં ઉત્પત્તિ થય છે. (૧૭)

સુકુળમાં પણ સુંદર રૂપ આદિ શુભ સંપત્તિની પરંપરા પ્રાપ્ત થાય છે તેમ કહેવું. (૧૮)

હિંસા આદિ અસદાચારોની ગર્હા કરવી (૧૯)

અસદાચારોનું સ્વરૂપ બતાવવું. (૨૦)

સ્વયં-ઉપદેશકે અસદાચારોનો ત્યાગ કરવો. (૨૧)

ઉપદેશકે સરળતા રાખવી (૨૨)

અસદાચારો અનર્થોના હેતુઓ છે એ બતાવવું. (૨૩)

અસદાચારોથી પ્રાપ્ત થતા નરકના દુઃખોનું વર્ણન કરવું (૨૪)

અસદાચારોથી દુષ્કુળમાં જન્મ થાય છે. (૨૫)

ત્યાં પણ અશુભ રૂપ આદિ દુઃખની પરંપરા સર્જાય છે એ કહેવું. (૨૬)

ઉપાયથી-મોહના અનર્થનું વર્ણન કરવા દ્વારા મોહ હેય છે એ જણાવવું (૨૭)

સમ્યજ્ઞાનની પ્રશંસા કરવી (૨૮)

સત્પુરુષાર્થની મહત્તા બતાવવી. (૨૯)

શુદ્ધાચારના બળથી પ્રાપ્ત થતી ઋદ્ધિનું વર્ણન કરવું. (૩૦)

અહીં સુધી કહેલ ઉપદેશ શ્રોતામાં પરિણમી ગયા બાદ ગંભીર–સૂક્ષ્મ ઉપદેશ આપવો. (૩૧)

(વાચના આદિ પાંચ પ્રકારનો) શ્રુતધર્મ કહેવો. ૩૨

શબ્દની સામ્યતાથી શ્રુતધર્મ અનેક પ્રકારનો હોવાથી ત્રિકોટિ પરિશુદ્ધ પરીક્ષા કરવા કહેવું. (૩૩)

કષ આદિ પરીક્ષાના પ્રકારો બતાવવા. (૩૪)

તપ આદિનું વિધાન તથા હિંસા આદિનો નિષેધ એ કષ છે (૩૫)

જે ક્રિયાથી શાસ્ત્રમાં શબ્દથી નહિ કહેલા પણ વિધિ-પ્રતિષેધ જણાય અને એ વિધિ–પ્રતિષેધનું પાલન થઈ શકે તેવી ક્રિયાનું કથન એ છેદ છે. (૩૬)

ઉભય–કષ અને છેદ ઘટી શકે તેવા પ્રકારના જીવાદિ તત્ત્વોનું નિરૂપણ એ તાપ છે. (૩૭)

(નીચે જણાવ્યા મુજબ) કષ આદિ ત્રણની પરસ્પર વિશેષતા બતાવવી. (૩૮)

કષ અને છેદ પરીક્ષામાં વિશ્વાસ ન રાખવો (૩૯)

કેમ ?

કષ અને છેદ પરીક્ષામાં પસાર થવા છતાં પણ જો તાપ પરીક્ષામાં પસાર ન થાય તો અશુદ્ધ સિદ્ધ થાય છે. (૪૦)

કારણ કે કષ છેદની સફળતાં તાપશુદ્ધિમાં છે. (૪૧)

આથી તાપશુદ્ધિમાં જ કષ અને છેદ સફળ બને છે (૪૨)

અન્યથા-તાપશુદ્ધિ વિનાના કષ અને છેદ માગી લાવેલાં ઘરેણાં સમાન નિષ્ફળ છે. (૪૩)

તત્ત્વને સાક્ષાત્ નાહ જાણનાર વ્યકિતએ બતાવેલ વસ્તુનું સ્વરૂપ શુદ્ધ હોતું નથી. (૪૪)

બંધ મોક્ષની ઉપપત્તિથી-ઘટનાથી જ વસ્તુસ્વરૂપની શુદ્ધતાનો નિર્ણય થઈ શકે. (૪૫)

બંધ મોક્ષની ઉપપત્તિ કેવી રીતે થઇ શકે ?

બંધ મોક્ષની ઉપપત્તિ-ઘટના બધ્યમાન-બંધાનાર અને બંધન-બાંધનાર હોય તો જ થઈ શકે. (૪૬)

બધ્યમાન-બંધનભાવ વિના સઘળું કલ્પિત જ બને. (૪૭)

બધ્યમાન-બંધાનાર આત્મા છે અને બંધન-બાંધનાર કર્મ છે. કર્મ પણ વસ્તુ સત્-પરમાર્થથી વિદ્યમાન છે. (૪૮)

હિંસા આદિ બંધના અને અહિંસા આદિ મોક્ષના કારણો છે. (૪૯)

બંધ પ્રવાહ રૂપે અનાદિથી છે. (૫૦)

બંધની ઉત્પત્તિ હોવા છતાં પણ અતીતકાળની જેમ તેની અનાદિતા સિદ્ધ થાય છે (૫૧)

બંધની ઉપપત્તિ-ઘટના અતીત કાળની સમાન છે. જેમ અતીત કાળની વર્તમાનકાળ રૂપે ઉત્પત્તિ હોવા છતાં અતીત કાળ અનાદિ છે, તેનો કોઇ છેડો નથી, તેમ બંધની વ્યકિત સ્વરૂપે પ્રત્યેક સમયે ઉત્પત્તિ થતી હોવા છતાં-આદિ હોવા છતાં પ્રવાહરૂપે બંધ અનાદિ-આદિ રહિત છે (૫૨)

આત્મા પરિણમી-નિત્યાનિત્ય અને દેહથી ભિન્ના-ભિન્ન હોય તો જ તેમાં હિંસા આદિ ઘટી શકે. (૫૩)

અન્યથા હિંસા આદિ ન ઘટી શકે. (૫૪)

જો આત્મા એકાંતે નિત્ય માનવામા આવે તો કોઇ જાતનો વિકાર ન થવાથી હિંસા ન ઘટી શકે. કારણ કે હિંસા પણ એક જાતનો આત્માનો વિકાર-પર્યાય છે. (૫૫)

જો આત્મા એકાંતે અનિત્ય માનવામાં આવે તો પણ હિંસા ન ઘટી શકે કારણ કે જાતે જ પ્રતિક્ષણ મરણ પામી રહ્યો છે. (૫૬)

જો આત્મા શરીરથી એકાંતે ભિન્ન માનવામાં આવે તો વસ્તુના સ્પર્શનો અનુભવ ન થાય. (૫૭)

તથા ચંદનાદિ અનુકૂળ વિષયોથી થતો અનુગ્રહ અને કંટકાદિ પ્રતિકૂળ વિષયોથી થતો નિગ્રહ નિરર્થક બને. (૫૮)

જો આત્મા શરીરથી એકાંતે અભિન્ન માનવામાં આવે તો-શરીર એજ આત્મા છે એમ માનવામાં આવે તો મૃત્યુ ન થાય, કારણકે દેહતો અહીંજ વિદ્યમાન હોય છે (૫૯)

કદાચ કહેવામાં આવે કે શરીર પૃથ્વી આદિ પાંચ ભૂતોમાંથી ઉત્પન્ન થાય છે, મૃત્યુ વખતે વાયુ અને તેજ નાશ પામે છે; એથી પંચભૂતના સમુદાય રૂપ શરીરનો નાશ થવાથી દેહ હોવા છતાં મૃત્યુ ઘટે છે, તો પણ પરલોકનો અભાવ થશે, પરલોક સર્વ ા શષ્ટ પુરુષોને માન્ય છે. (૬૦)

જો આત્મા દેહથી એકાંતે ભિન્ન માનવામાં આવે તો દેહથી કરાયેલ હિંસા આદિ તથા નમસ્કાર આદિ દ્વારા શુભાશુભ

કર્મોના સુખદુઃખ રૂપ ફળનો અનુભવ આત્માને ન થાય. (૬૧)

તથા આત્માએ ઉપાર્જન કરેલ શુભાશુભ કર્મોના સુખદુઃખ રૂપ ફળનો અનુભવ શરીરને ન થાય. (૬૨)

શરીરકૃત કર્મના ફળનો આત્માને અને આત્મકૃત કર્મના ફળનો શરીરને અનુભવ ભલે ન થાય ! એમાં કોઈ વાંધો છે ? હા, એમાં દૃષ્ટ–પ્રત્યક્ષસિદ્ધ અને ઇષ્ટ–શાસ્ત્રસિદ્ધ હકીકતનો અપલાપ થાય છે. શું આપણે નથી જોતાં કે ચોરી આદિ પાપ દેહ કરે છે અને એ નિમિત્તે શોક આદિ દુઃખ આત્મા અનુભવે છે. ક્રોધ આદિ દોષોનું સેવન આત્મા કરે છે, અને એ નિમિત્તે ઉત્પન્ન થતા અજીર્ણ આદિ વ્યાધિનો અનુભવ શરીર કરે છે. (૬૩)

એકાંતવાદથી વિપરીત અનેકાંતવાદનો સ્વીકાર કરવાથી હિંસા આદિની સિદ્ધિ થાય છે. હિંસાદિની સિધ્ધિ થવાથી બંધ મોક્ષની પણ સિધ્ધિ થાય છે આ પ્રમાણે તત્ત્વવાદ છે.(૬૪)

આ પ્રમાણે તત્ત્વવાદ કહ્યા પછી એના પરિણામ રૂપે શ્રોતાને તત્ત્વ વિષયક જ્ઞાન અને શ્રધ્ધા પ્રગટ્યાં છે કે નહિ તેની પરીક્ષા–તપાસ કરવી. (૬૫)

જો તત્ત્વ વિષયક જ્ઞાન અને શ્રદ્ધાની શુદ્ધિ જણાય તો બંધના મૂલ ઉત્તર વગેરે ભેદો જણાવવા. (૬૬)

હેતુ, સ્વરૂપ અને ફળથી વરબોધિલાભની પ્રરૂપણા કરવી. [નિકાચિત તીર્થંકર નામ કર્મના બંધમાં કારણભૂત સમ્યક્ત્વને વરબોધિ કહેવામાં આવે છે. અથવા ભાવ–પારમાર્થિક સમ્યક્ત્વને વરબોધિ કહેવામાં આવે છે.] (૬૭)

હેતુથી વરબોધિની પ્રરૂપણા— તથાભવ્યત્વ આદિ પાંચ કારણોથી વરબોધિની પ્રાપ્તિ થાય છે. (જીવાદિતત્ત્વો વિશે શ્રદ્ધા એ બોધિનું સ્વરૂપ-લક્ષણ છે.) (૬૮)

વરબોધિથી પ્રાપ્ત થતાં ફળો-

વરબોધિની પ્રાપ્તિ થતાં જીવને રાગ-દ્વેષના તીવ્ર પરિણામરૂપ ગ્રંથિનો ભેદ થઇ ગયો હોવાથી ક્યારે પણ સંક્લેશ-તીવ્ર રાગદ્વેષનો પરિણામ થતો નથી. (૬૯)
કારણકે એકવાર ગ્રંથિભેદ થયા પછી કદાચ સમ્યક્ત્વ ચાલ્યું જાય તો પણ પુનઃ મોહનીય આદિ સાતકર્મોનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ થતો નથી. (૭૦)

જો સમ્યગ્દર્શનનો વિચ્છેદ ન થાય ( અને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પહેલાં આયુષ્ય ન બાંધ્યું હોય ) તો દુર્ગતિની પ્રાપ્તિ થતી નથી. (૭૧)
સમ્યગ્દર્શનની વિશુદ્ધિથી ચારિત્રની પ્રાપ્તિ થાય છે. (૭૨)
અનિત્યાદિ ભાવનાઓથી રાગાદિ દોષોનો ક્ષય થાય છે. (૭૩)
રાગાદિ દોષોનો સંપૂર્ણ ક્ષય થતાં મોક્ષની પ્રાપ્તિથાય છે. (૭૪)

મોક્ષમાં દુઃખનો સર્વથા અભાવ અને અનંત સુખનો અનુભવ થાય છે. (૭૫)

સ્વયં ધર્મથી વાસિત બનેલા મુનિ મહાત્માએ પોતાના બોધ પ્રમાણે સાંભળવાની ઈચ્છાવાળા જીવને સંવેગ ઉત્પન્ન કરનાર શ્રેષ્ઠ ધર્મનો આ પ્રમાણે ઉપદેશ આપવો. (૪)

આ પ્રમાણે ઉપદેશ આપવા છતાં શ્રોતાને બોધ ન

થાય તો પણ શુદ્ધ ચિત્તવાળા–પરાનુગ્રહ બુદ્ધિવાળા અને વિધિપૂર્વક ઉપદેશ આપનાર સાધુને અવશ્ય લાભ થાય છે એમ તીર્થંકરોએ કહ્યું છે. (૫)

આ જગતમાં ધર્મદેશના સમાન કોઈ ઉપકાર નથી. કારણકે તેનાથી પરંપરાએ તન અને મનનાં સઘળાં દુઃખો દૂર થાય છે. (૬)

॥ બીજો અધ્યાય સંપૂર્ણ ॥

## ॥ ત્રીજો અધ્યાય ॥

આ પ્રમાણે શુદ્ધ ધર્મના શ્રવણથી મનુષ્ય મિથ્યાત્વાદિ પાપોથી રહિત, તત્ત્વનો જ્ઞાતા, મહા પરાક્રમી, અને ઉત્કૃષ્ટ સંવેગથી યુક્ત બને છે. (૧)

આથી ધર્મજ એક ઉપાદેય છે એમ જાણીને ભાવથી ધર્મમાં ઇચ્છાવાળો બને છે અને સૂક્ષ્મ દૃષ્ટિથી પોતાની શક્તિ વિચારીને ધર્મનો સ્વીકાર કરે છે. (૨)

યોગ્ય જીવને જ ધર્મગ્રહણની ભાવના થાય છે અને એજ ફલસાધક હોવાથી પરહિતરત શ્રી જીનેશ્વરોએ આવા પ્રકારના જીવને જ ધર્મ માટે યોગ્ય કહ્યો છે. આનાથી વિપરીત જીવ પરમાર્થથી ધર્મ માટે યોગ્ય નથી. (૩)

આ પ્રમાણે સદ્‌ધર્મગ્રહણ માટે યોગ્ય જીવનું નિરૂપણ કર્યું. હવે સદ્‌ધર્મને આપવાની વિધિનું વર્ણન કરીશું. (૧)

કારણકે શુદ્ધ વિધિપૂર્વકનું ધર્મગ્રહણ શુદ્ધ ભાવમાં કારણ બને છે. (૨)

શુદ્ધ વિધિપૂર્વકનું ધર્મગ્રહણ પ્રાયઃ જિનવચનોક્ત વિધિથી થાય છે. (૩)

આથી વિધિપૂર્વક ધર્મપ્રદાન (ધર્મ પ્રદાનની ક્રિયા) સફળ છે. (૪)

સમ્યગ્દર્શન હોય તોજ અણુવ્રત આદિનો સ્વીકાર કરવો યોગ્ય છે, તે સિવાય નહિ. (૫)

જિનવચન શ્રવણ આદિ દ્વારા મિથ્યાત્વમોહ આદિ કર્મના ક્ષયોપશમથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. ૬

પ્રશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્ય એ પાંચ લક્ષણોથી સમ્યગ્દર્શન (પોતાના કે અન્યના આત્મામાં છે કે નહિ તે) જાણી શકાય છે. ૭

ધર્મ સ્વીકારવાને તૈયાર થયેલા જીવને સર્વવિરતિ ધર્મનો ઉપદેશ આપવો. જો તે ઉત્તમધર્મ- સર્વવિરતિ ધર્મ સ્વીકારવાને અસમર્થ હોય તો અણુવ્રત આદિની સમજણ આપીને વિધિપૂર્વક અણુવ્રત આદિનું પ્રદાન કરવું. ૮

પ્રથમથી જ અણુવ્રતાદિના પ્રદાનમાં શો વાંધો? સર્વવિરતિ ધર્મ સ્વીકારવામાં સમર્થ જીવને અણુવ્રતાદિનું પ્રદાન કરવાથી ગુરુ તેના ચારિત્રમાં અંતરાય કરે છે. એથી ગુરુને ભવાંતરમાં ચારિત્ર દુર્લભ બની જાય છે. ૯
બીજો દોષ- જે પાપોનો એણે ત્યાગ કર્યો નથી તે પાપોની અનુમોદના થાય છે. ૧૦

હવે જો, જે સર્વ વિરતિ ધર્મ સ્વીકારવાને અસમર્થ છે તેને જો અણુવ્રત આદિનો ઉપદેશ આપવામાં ન આવે તો એ જીવ સર્વવિરતિ અને દેશવિરતિ એ ઉભયના ફળથી વંચિત બને છે. એથી ગુરુને આજ્ઞા ભંગનો દોષ લાગે છે. ૧૧

જે સર્વવિરતિ ધર્મ સ્વીકારવાને અસમર્થ છે તેને અણુવ્રતાદિનું પ્રદાન કરવામાં ગુરુને અપ્રત્યાખ્યાત પાપની અનુમોદનાનો દોષ લાગે નહિ. કારણ કે તેમાં જિનેશ્વર ભગવાનની આજ્ઞાથી પ્રવૃત્તિ હોવાથી ગુરુ તો સાક્ષિ-માત્ર છે. ૧૨

આ વિષય ગૃહપતિના પુત્રોને છોડાવવાના દૃષ્ટાંતથી સમજી શકાય છે. ૧૩

યોગશુદ્ધિ, વંદનશુદ્ધિ, નિમિત્તશુદ્ધિ, દિક્‌શુદ્ધિ આગારશુદ્ધિ એ પાંચ પ્રકારની શુદ્ધિનું પાલન કરવું એ અણુવ્રતાદિ ગ્રહણની વિધિ છે. યોગશુદ્ધિ- ઉપયોગ પૂર્વક ગમનાદિ, નિરવદ્ય ભાષણ, શુભ વિચારણા. વંદન શુદ્ધિ- શુદ્ધ સૂત્રોચ્ચાર આદિ. નિમત્ત શુદ્ધિ- શકુનની પ્રાપ્તિ. દિક્‌ શુદ્ધિ-પૂર્વ આદિ દિશામાં મુખ રાખવું વગેરે. આગાર શુદ્ધિ- રાજાભિયોગ આદિ અપવાદ રાખવા તે. ૧૪

દેવ, ગુરુ, સાધર્મિક, સ્વજન આદિની ઉચિત ભક્તિ કરવી ૧૫

સ્થૂલ હિંસા આદિ પાંચ પાપોથી વિરતિ એ પાંચ અણુવ્રતો છે. ૧૬

દિગ્વિરમણ, ભોગોપભોગપરિમાણ, અને અનર્થ દંડ

વિરમણ એ ત્રણ ગુણવ્રતો છે. આ ત્રણ વ્રતો અણુવ્રતોના પાલનમાં ગુણ-શુદ્ધિ કરનારા હોવાથી ગુણવ્રતો કહેવાય છે. (૧૭)

સામાયિક, દેશાવગાશિક, પૌષધોપવાસ, અને અતિથિ-સંવિભાગ એ ચાર શિક્ષાવ્રતો છે. આ વ્રતોથી સાધુધર્મની શિક્ષા--અભ્યાસ થાય છે. (૧૮)

અણુવ્રતાદિ સર્વવ્રતોનું કે અમુકવ્રતોનું યોગ્ય જીવમાં આરોપણ કરવું એ દાન કહેવાય. (૧૯)

સમ્યગ્દર્શન તથા વ્રત આદિનો સ્વીકાર કર્યા પછી નિરતિચારપણે પાલન કરવું (૨૦)

શંકા, કાંક્ષા, વિચિકિત્સા, મિથ્યાદૃષ્ટિપ્રશંસા અને મિથ્યાદૃષ્ટિસંસ્તવ એ સમ્યગ્દર્શનના પાંચ અતિચારો છે. ૨૧

(૧) શંકા—જીન પ્રણીત તત્ત્વો વિશે આ સાચું હશે કે કેમ?

(૨) કાંક્ષા—અન્ય દર્શન પણ સારા છે ઇત્યાદિરૂપે અન્ય દર્શનની ઇચ્છા.

(૩) વિચિકિત્સા—ધર્મના ફળની શંકા.

(૪) મિથ્યાદૃષ્ટિપ્રશંસા—અન્ય દર્શનીની પ્રશંસા કરવી.

(૫) મિથ્યાદૃષ્ટિસંસ્તવ—અન્ય દર્શનીની સાથે પરિચય, આલાપ, કરવો વગેરે.

વ્રતોમાં—અણુવ્રતોમાં અને શીલોમાં—ગુણવ્રતો તથા શિક્ષાવ્રતોમાં અનુક્રમે નીચે કહ્યા મુજબ પાંચ પાંચ અતિચારો છે. ૨૨

બંધ, વધ, છવિચ્છેદ, અતિભારારોપણ અને અન્નપાન-

નિરોધ એ પાંચ સ્થૂલપ્રાણાતિપાત વિરમણ વ્રતના અતિચારો છે.

(૧) બંધઃ- બળદ પુત્ર આદિને ક્રોધથી મજબૂત બાંધવા.

(૨) વધઃ- નિર્દયતાથી માર મારવો.

(૩) છવિચ્છેદઃ- નિર્દયતાથી ચોર આદિની ચામડીનો છેદ કરવો.

(૪) અતિભા૦:- બળદ આદિ પાસે શક્તિ ઉપરાંત કામ લેવું.

(૫) અન્નપા૦:- સમયસર ભોજન પાણી આદિ ન આપવું.(૨૩)

મિથ્યોપદેશ, રહસ્યાભ્યાખ્યાન, કૂટલેખક્રિયા, ન્યાસાપહાર, સ્વદારમંત્રભેદ એ પાંચ સ્થૂલમૃષાવાદવિરમણ વ્રતના અતિચારો છે.

(૧) મિથ્યોપદેશઃ- ખોટી સલાહ આપવી વગેરે.

(૨) રહસ્યા૦:- એકાંતમાં થયેલી વાતોને બહાર પાડવી

(૩) કૂટ૦:- ખોટા દસ્તાવેજ કરવા વગેરે.

(૪) ન્યાસા૦:- બીજાએ મૂકેલ રકમમાં ઘાલમેલ કરવી.

(૫) સ્વ૦:- વિશ્વાસુ બની સ્ત્રી મિત્રાદિની હકીકતને પ્રકાશમાં લાવવી. (૨૪)

સ્તેનપ્રયોગ, તદાહૃતાદાન, વિરુદ્ધરાજ્યાતિક્રમ, હીનાધિકમાનોન્માન, પ્રતિરૂપકવ્યવહાર, એ પાંચ સ્થૂલ અદત્તાદાન વિરમણ વ્રતના અતિચારો છે.

(૧) સ્તેનપ્રયોગઃ- ચોરી કરવાની પ્રેરણા કરવી વગેરે.

(૨) તદા૦:- ચોરી લાવેલી વસ્તુ ખરીદવી વગેરે.

(૩) વિરુદ્ધ૦:- રાજ્ય વિરુદ્ધ-દાણચોરી આદિ કાર્ય કરવું.
(૪) હીના૦:- ખોટા માપ-તોલા રાખવા વગેરે.
(૫) પ્રતિ૦:- માલમાં ભેળસેળ કરવી વગેરે. (૨૫)

પરવિવાહ, ઈત્વરપરિગૃહીતગમન, અપરિગૃહીતાગમન, અનંગ ક્રીડા, તીવ્ર કામાભિલાષ, એ પાંચ સ્થૂલમૈથુન વિરમણ વ્રતના અતિચારો છે.

(૧) પરવિવાહ:- સંબંધીઓના પુત્રાદિનો વિવાહ કરવો.
(૨) ઈત્વર:- વેશ્યાગમન કરવું.
(૩) અપરિ૦:- વેશ્યા કે કન્યા આદિનો સંભોગ કરવો.
(૪) અનંગ૦:- અસ્વાભાવિક-સૃષ્ટિ વિરુદ્ધ કામ સેવન કરવું.
(૫) તીવ્ર૦:- અતિશય કામના ઉદયથી અયોગ્ય કામચેષ્ટા કરવી. (૨૬)

ક્ષેત્રવાસ્તુપ્રમાણાતિક્રમ; હિરણ્યસુવર્ણપ્રમાણાતિક્રમ, ધનધાન્યપ્રમાણાતિક્રમ, દાસીદાસપ્રમાણાતિક્રમ, કુપ્યપ્રમાણાતિક્રમ, એ પાંચ સ્થૂલ પરિગ્રહ વિરમણ વ્રતના અતિચારો છે.

(૧) ક્ષેત્ર૦:- ધારેલ પ્રમાણથી અધિક ક્ષેત્રનો-ખેતીની જમીનનો અને વાસ્તુનો-ઘરની જમીનનો ઉપભોગ કરવો.
(૨) હિરણ્ય૦:- ધારેલ પ્રમાણથી અધિક સુવર્ણ-ચાંદીનો સ્વીકાર કરવો.
(૩) ધન૦:- ધારેલ પ્રમાણથી અધિક ગણિમ આદિ ચાર પ્રકારના ધનનો અને ઘઉં આદિ ધાન્યનો સ્વીકાર કરવો.

(૪) દાસી૦:- અહીં દાસી-દાસ પદથી મનુષ્ય અને તિર્યં-ચોનું ગ્રહણ કરવું. ધારેલ પ્રમાણથી અધિક નોકર કે પોપટ આદિ પ્રાણીઓ રાખવા.

(૫) કુપ્ય૦:- ઘરમાં વપરાતી વાસણ વગેરે સર્વ વસ્તુઓ કુપ્ય કહેવાય છે. તેવી વસ્તુઓનો ધારેલ પ્રમાણથી અધિક સંગ્રહ કરવો. (૨૭)

ઊર્ધ્વાતિક્રમ, અધોઽતિક્રમ, તિર્યગ્વ્યતિક્રમ, ક્ષેત્રવૃદ્ધિ, સ્મૃત્યંતર્ધાન એ પાંચ દિગ્વિરમણવ્રતના અતિચારો છે.

(૧) ઊર્ધ્વા૦:- ઉપરની દિશામાં ધારેલ પ્રમાણથી અધિક દૂર જવું.

(૨) અધોઽતિ:- નીચેની દિશામાં ધારેલ પ્રમાણથી અધિક દૂર જવું.

૩ તિર્યગ્વ્યતિક્રમ:- તિર્છું પૂર્વ આદિ દિશામાં ધારેલ પ્રમાણથી અધિક દૂર જવું.

ક્ષેત્રવૃદ્ધિ૦:- એક દિશાનું પ્રમાણ બીજી દિશામાં ઉમેરીને ઈષ્ટ દિશાનું પ્રમાણ વધારવું

સ્મૃત્યન્તર્ધાન:- ધારેલ પ્રમાણને ભૂલી જવું. ૨૮

સચિત્ત-આહાર, સચિત્તસંબદ્ધ-આહાર, સચિત્ત-સંમિશ્રઆહાર, અભિષવઆહાર, દુષ્પકવઆહાર, એ પાંચ ભોગોપભોગપરિમાણ વ્રતના અતિચારો છે.

(૧) સચિત્ત૦:- સચિત્ત વસ્તુનો ઉપયોગ કરવો.

(૨) સચિત્તo:- ઠળિયાં આદિ સચિત્તથી યુક્ત બોર આદિનો ઉપયોગ કરવો.

(૩) સચિત્તo:- થોડો ભાગ સચિત્ત અને થોડો ભાગ અચિત્ત હોય તેવો ખસખસ યુકત લાડુ આદિનો આહાર કરવો.

(૪) અભિo:- મદ્ય આદિ માદક આહાર કરવો.

(૫) દુષ્પકવo:- કંઈક પકવ, કંઈક અપકવ કાકડી આદિનો ઉપયોગ કરવો. (૨૯)

કંદર્પ, કૌકુચ્ય,, મૌખર્ય, અસમીક્ષ્યાધિકરણ, ઉપભોગાધિકતા એ પાંચ અનર્થદંડ વિરમણવ્રતના અતિચારો છે.

(૧) કંદર્પ:- હાસ્યપૂર્વક કામોત્તેજક અસભ્ય વાકયો બોલવા.

(૨) કૌકુચ્ય:- બીજાને હસવું આવે તેવી કામોત્તેજક અયોગ્ય કાયિક ચેષ્ટા કરવી.

(૩) મૌખર્ય:- અસંબદ્ધ બહુ બોલ બોલ કરવું.

(૪) અસમીo:- જરૂરિયાત ન હોવા છતાં શસ્ત્ર આદિ અધિકરણો રાખવાં અને અન્ય માગે તો આપવાં.

(૫) ઉપo:- જરૂરિયાત કરતાં વધારે ભોગ-ઉપભોગની સામગ્રી રાખવી. (૩૦)

મનોયોગ દુષ્પ્રણિધાન, વચન યોગ દુષ્પ્રણિધાન, કાયયોગ દુષ્પ્રણિધાન, અનાદર, સ્મૃત્યનુપસ્થાન એ પાંચ સામાયિક વ્રતના અતિચારો છે.

૧ મનોયોo:- નિરર્થક કે પાપના વિચારો કરવા.

૨ વચનયો૦:- નિરર્થક કે સાવદ્ય વચનો બોલવાં.

૩ કાયયો૦:- નિરર્થક કે સાવદ્ય પ્રવૃત્તિ કરવી.

૪ અનાદર૦:- ઉત્સાહનો અભાવ, નિયત સમયે સામાયિક ન લેવું વગેરે.

૫ સ્મૃ૦:- સામાયિક કર્યું કે નહીં તે ભૂલી જવું (૩૧)

આનયનપ્રયોગ, પ્રેષ્યપ્રયોગ, શબ્દાનુપાત, રૂપાનુપાત પુદ્ગલપ્રક્ષેપ, એ પાંચ દેશાવગાશિક વ્રતના અતિચારો છે.

૧ આનયન૦:- ધારેલ પ્રમાણથી અધિક દેશમાં રહેલ વસ્તુને અન્ય દ્વારા મંગાવવી.

૨ પ્રેષ્ય૦:- ધારેલ પ્રમાણથી અધિક દેશમાં નોકર આદિ મોકલીને પોતાનું કાર્ય કરાવવું.

૩ શબ્દાનુ૦:- ધારેલ દેશથી દૂર રહેલી વ્યક્તિને બોલાવવા ધારેલ દેશમાં રહીને ખોંખરો આદિ દ્વારા અવાજ પહોંચાડવો.

૪ રૂપા૦:- ધારેલ દેશથી દૂર રહેલી વ્યક્તિને બોલાવવા ધારેલ દેશમાં રહીને તેવા પ્રકારની કાયિક ચેષ્ટા કરવી.

૫ પુદ્ગલ૦:- ધારેલ દેશથી દૂર રહેલી વ્યક્તિને બોલાવવા ધારેલ દેશમાં રહીને કાંકરો વગેરે ફેંકવું. ૩૨

અપ્રત્યુપેક્ષિત-અપ્રમાર્જિત-ઉત્સર્ગ, અપ્રત્યુપ્રેક્ષિત-અપ્રમાર્જિત-આદાન-નિક્ષેપ, સંસ્તારોપક્રમણ, અનાદર, સ્મૃત્યનુપસ્થાન એ પાંચ પૌષધવ્રતના અતિચારો છે.

૧ અપ્રત્યુ૦:- દૃષ્ટિથી જોયા વિના અને ચરવળા આદિથી પ્રમાર્જન કર્યા વિના મલ-મૂત્ર વગેરેનો ત્યાગ કરવો.

૨ અપ્રત્યુ૦:- દૃષ્ટિથી જોયા વિના અને ચરવળા આદિથી પ્રમાર્જન કર્યા વિના વસ્તુ લેવી કે મૂકવી.

૩ સંસ્તા૦:- દૃષ્ટિથી જોયા વિના અને ચરવળા આદિથી પ્રમાર્જન કર્યા વિના સંથારો પાથરવો.

૪ અનાદર૦:- ઉત્સાહ ન રાખવો. જેમ તેમ અનાદરથી પૌષધ પૂર્ણ કરવો વગેરે.

૫ સ્મૃ૦:- પોતે પૌષધમાં છે એ ભૂલી જવું વગેરે. ૩૩

સચિત્તનિક્ષેપ, સચિત્તપિધાન, પરવ્યપદેશ, માત્સર્ય, કાલાતિક્રમ એ પાંચ અતિથિસંવિભાગવ્રતના અતિચારો છે.

૧ સચિત્ત૦:- નહીં આપવાની બુદ્ધિથી આપવા લાયક વસ્તુને સચિત્ત વસ્તુમાં મૂકી દેવી.

૨ સચિત્ત૦:- નહિ વહોરાવવાની બુદ્ધિથી આપવા લાયક અચિત્ત વસ્તુ ઉપર સચિત્ત વસ્તુ ઢાંકી દેવી.

૩ પરવ્યપદેશ૦:- નહિ વહોરાવવાની બુદ્ધિથી આપવા લાયક વસ્તુ પોતાની હોવા છતાં પરની છે એમ કહેવું.

૪ માત્સર્ય૦:- ક્રોધ કે ઇર્ષ્યાથી વહોરાવવું.

૫ કાલા૦:- ભિક્ષાકાળ વીતી ગયા બાદ કે પહેલાં સાધુઓને નિમંત્રણ કરવું. ૩૪

અતિચાર રહિત અણુવ્રત આદિનું પાલન વિશેષ ગૃહસ્થધર્મ છે. ૩૫

ક્લિષ્ટ કર્મના ઉદયથી અતિચારો લાગે છે. ૩૬

વિહિતઅનુષ્ઠાન-સ્વીકૃત વ્રતોનું સ્મરણ, બહુમાન વગેરે રૂપ વીર્યથી અતિચારોને જીતી શકાય છે. અર્થાત્ સ્વીકારેલાં વ્રતોનું સ્મરણ, બહુમાન આદિ દ્વારા પ્રમાદ રહિત પાલન કરવું એજ અતિચારોને દૂર કરવાનું વીર્ય-બળ છે, એનાથી જ અતિચારો દૂર કરી શકાય છે. ૩૭

એટલા માટે જ વિહિત અનુષ્ઠાનમાં-સ્વીકૃત અણુવ્રતાદિનું સ્મરણ, બહુમાન વગેરેમાં ઉદ્યમ રાખવો ૩૮

એની-વિશેષ ગૃહસ્થધર્મ યુક્ત જીવની સર્વ સાધારણ ચર્યા નીચે મુજબ છે. ૩૯

સમાનધર્મવાળા કે અધિકધર્મવાળા લોકોની સાથે સહવાસ કરવો. ૪૦

અન્નપાન-પ્રદાન આદિ દ્વારા યથાયોગ્ય સાધર્મિકો ઉપર વાત્સલ્ય રાખવું. ૪૧

ધર્મની ચિંતા-વિચારણા કરતાં નિદ્રા કરવી. ૪૨

પંચ પરમેષ્ઠિને નમસ્કાર કરવા પૂર્વક ઊઠવું. ૪૩

મલ-મૂત્ર ત્યાગ આદિ આવશ્યક કાર્યો કર્યા પછી વિધિપૂર્વક ચૈત્યવંદન તથા માતાદિને વંદન કરવું. (૪૪)

ત્યારબાદ માન આદિ દોષો તજીને પ્રત્યાખ્યાન કરવું. (૪૫)

ત્યાર બાદ ચૈત્યગૃહે-સંઘના મંદિરે જવું. (૪૬)

વિધિપૂર્વક ચૈત્યગૃહમાં પ્રવેશ કરવો. (૪૭)

ત્યાં ઉચિત પૂજા ભક્તિ કરવી. (૪૮)

બાદ ભાવથી સ્તુતિ સ્તવન બોલવાં. (૪૯)

બાદ જિનબિંબોને તથા સાધુઓને વંદન કરવું. (૫૦)

બાદ ગુરૂ પાસે પ્રત્યાખ્યાન ગ્રહણ કરવું. (૫૧)

બાદ ગુરુ પાસે જીન વચનનું શ્રવણ કરવું. (૫૨)

બાદ સાંભળેલ જીનવાણીના અર્થનું સમ્યક્ ચિંતન મનન કરવું (૫૩)

સઘળી ક્રિયાઓ આગમને જ અનુસરીને કરવી. (૫૪)

સાંભળીને શકય સામાયિક આદિનું પાલન કરવું. (૫૫)

અને અશકયમાં ભાવના રાખવી. (૫૬)

તથા પોતાને અશકય અનુષ્ઠાન કરનાર બીજાઓની પ્રશંસા તથા ભક્તિ આદિથી સહાયતા કરવી. (૫૭)

જીન પ્રતિપાદિત સૂક્ષ્મભાવોનું ચિંતન-મનન કરવું. (૫૮)

જીન પ્રતિપાદિત સૂક્ષ્મભાવોની સૂક્ષ્મ દૃષ્ટિથી વિચારણા કરવા છતાં શંકા રહે તો ગુરુ પાસે પ્રશ્નો કરવા. (૫૯)

ગુરુએ આપેલા ઉત્તરોને બરોબર સમજવા. (૬૦)

ગ્લાન, બાળ આદિ સાધુ કે સાધર્મિક કાર્યોની કાળજી રાખવી. (૬૧)

ચૈત્ય, સાધુ, સાધર્મિક આદિના કયાં કાર્યો મેં કર્યાં છે અને કયાં કાર્યો બાકી છે તે વિશે બરાબર લક્ષ્ય રાખવું અને નહિ કરેલાં કાર્યો કરવા ઉદ્યમ કરવો. (૬૨)

મંદિરમાંથી કે ગુરુ પાસેથી ઉચિત સમયે ઘરે કે બજાર આદિ સ્થળે આવવું. ૬૩

સર્વ વ્યવહારમાં ધર્મની પ્રધાનતા રાખવી. ૬૪

ધનમાં સંતોષ રાખવો [અતિ ઊના ઘીથી ચોપડેલું અન્ન મળે, ફાટયા વિનાનું વસ્ત્ર મળે, અને બીજાની નોકરી ન કરવી પડે, આટલાથી ગૃહસ્થે સંતોષ રાખવો જોઈએ. જો તેનાથી વધારે ઈચ્છા કરે તો અધઃપતન થાય છે.] ૬૫

ધર્મ એજ સાચું ધન છે. એમ માનવું. ૬૬

શાસનની ઉન્નતિ–પ્રભાવના કરવી. ૬૭

શક્તિ પ્રમાણે વિધિપૂર્વક ક્ષેત્રોમાં દાન કરવું. ૬૮

સત્કાર, દેશ-કાળનું નિરીક્ષણ, વિશુદ્ધ શ્રદ્ધા વગેરે તથા ભૌતિક લાલસાનો અભાવ એ દાનની વિધિ છે. ૬૯

વીતરાગ પ્રતિપાદિત ધર્મનું પાલન કરનારા સાધુઓ ક્ષેત્રો–દાનના પાત્રો છે. ૭૦

દુઃખી જીવો વિશે દ્રવ્યથી અને ભાવથી યથાશક્તિ અનુકંપા કરવી. ૭૧

લોકાપવાદનો ભય રાખવો. ૭૨

કોઈપણ કાર્યના પ્રારંભમાં તેના લાભાલાભની વિચારણા કરવી. ૭૩

બાદ જે કાર્યથી બહુ લાભ થાય તેવા કાર્યમાં પ્રવૃત્તિ કરવી. ૭૪

ભોજનનો કાળ થતાં ચૈત્ય, સાધુ, સાધર્મિક આદિની પૂજા-ભક્તિપૂર્વક ભોજન કરવું. ૭૫

ભોજન બાદ તુરત તિવિહાર આદિ પ્રત્યાખ્યાન કરવું. ૭૬

શરીરના પોષણ માટે જરૂરી યોગ્ય માલિશ, સ્નાન આદિમાં પ્રયત્ન કરવો. ૭૭

શરીર પોષણનાં કાર્યો કર્યા બાદ વ્યવહારનાં કાર્યોની વિચારણા કરવી. ૭૮

સર્વ જીવોનું કલ્યાણ થાઓ ઈત્યાદિ શુભ ભાવના ભાવવી. ૭૯

શિષ્ટપુરુષોનાં ચરિત્રો સાંભળવાં. ૮૦

સૂર્યાસ્તથી બે ઘડી પહેલાં ભોજન કરી લેવું વગેરે સંધ્યાવિધિનું પાલન કરવું. (૮૧)

શક્તિ પ્રમાણે સંધ્યાવિધિનું પાલન કરવું. (૮૨)

સંધ્યાકાળે ઉચિત પૂજા કરવા પૂર્વક ચૈત્યવંદન, સાધુવંદન તથા માતા-પિતૃવંદન કરવું. (૮૩)

સાધુઓની વિશ્રામણા-શરીર સેવા કરવી. (૮૪)

યોગનો અભ્યાસ કરવો. (૮૫)

નવકાર આદિનું ચિંતન કરવું. (૮૬)

પ્રશસ્ત ભાવનાઓ ભાવવી. (૮૭)

સંસારના સ્વરૂપની વિચારણા કરવી (૮૮)

બાદ સંસારની અસારતા વિચારવી (૮૯)

મોક્ષ જ ઉપાદેય છે ઈત્યાદિ મોક્ષની વિચારણા કરવી (૯૦)

શુદ્ધ સાધુપણામાં અનુરાગ (લેવાની ભાવના) રાખવો. (૯૧)

શક્તિ અને સંયોગો પ્રમાણે સમ્યગ્દર્શનાદિ ગુણોને પુષ્ટ બનાવવા. (૯૨)

સકલ જીવો, ગુણાધિક જીવો, દુઃખી જીવો, અને અયોગ્ય દોષિત જીવો વિશે અનુક્રમે મૈત્રી, પ્રમોદ, કરૂણા અને ઉપેક્ષા (માધ્યસ્થ્ય) ભાવના ભાવવી (૯૩)

જીનેશ્વરોએ આ પ્રમાણે મોક્ષને અનુકૂળ ભાવનાવાળો વિશેષથી ગૃહસ્થધર્મ કહ્યો છે. આ ગૃહસ્થધર્મ ચારિત્ર પ્રાપ્તિનો રામબાણ ઉપાય છે. (૪)

જેમ બુદ્ધિશાળી માણસ એક એક પગથીયું ચઢીને સહેલાઈથી પર્વત ઉપર પહોંચી જાય છે, તેમ વિશેષથી ગૃહસ્થધર્મનું નિરતિચારપણે પાલન કરનાર ધીર પુરુષ ચારિત્રરૂપ પર્વતના શિખરને સર કરી લે છે. (૫)

પ્રથમ શ્રાવકોચિત સામાન્ય ગુણોની આરાધના કરવાથી સમય જતાં શ્રમણોચિત ગુણોની આરાધના માટે પણ યોગ્ય થાય છે, માટે અહીં પ્રથમ શ્રાવક ધર્મનું પાલન બુદ્ધિશાળી પુરુષોને ઇષ્ટ છે. (૬)

**સાવધાનઃ-** આ વાત પુરુષ વિશેષની અપેક્ષાએ છે. બાકી તેવા પ્રકારના વિશિષ્ટ અધ્યવસાયવાળો જીવ ગૃહસ્થ ધર્મના પાલન વિના પણ ચારિત્રધર્મ સ્વીકારી શકે છે. શાસ્ત્રોમાં તેવાં અનેક દૃષ્ટાંતો છે. ગણધરો ગૃહસ્થ ધર્મના પાલન વિના જ ચારિત્ર ધર્મ સ્વીકારે છે. સ્થૂલિભદ્ર આદિ અનેક જીવોએ ગૃહસ્થ ધર્મના પાલન વિના જ ચારિત્ર ધર્મનો સ્વીકાર કર્યો છે અને તેનું સુંદર પાલન પણ કર્યું છે.

॥ ત્રીજો અધ્યાય સંપૂર્ણ ॥

# ચોથો અધ્યાય

આ પ્રમાણે વિધિથી ગૃહસ્થ ધર્મનું પાલન કરવા પૂર્વક ગૃહવાસને સેવતો જીવ ચારિત્રમોહનીય રૂપ પાપથી મુકાય છે. (૧)

કારણકે આવા પ્રકારના ગૃહસ્થને સદ્ આજ્ઞાની આરાધનાના યોગે અવશ્ય ભાવશુદ્ધિ-મનની નિર્મલતા હોય છે, અને નિષ્કપટ ચારિત્રના રાગથી અવશ્ય (ચારિત્રના) ઉપાયમાં સમ્યક્ પ્રવૃત્તિ હોય છે. ભાવશુદ્ધિ અને ઉપાયમાં સમ્યક્ પ્રવૃત્તિ એ બે ચારિત્ર મોહનીયથી છૂટવાનાં કારણો છે. (૨)

વિશુદ્ધ સદનુષ્ઠાન થોડું હોય તો પણ તાત્ત્વિક હોવાથી જીનેશ્વરોને અભિમત છે, કારણ કે તે વિશુદ્ધ સદનુષ્ઠાન વડે સમય જતાં ગુરુ પાસે પ્રત્યાખ્યાનનું સ્વરૂપ જાણીને અધિક પ્રત્યાખ્યાન કરે છે. (૩)

આ પ્રમાણે વિશેષથી ગૃહસ્થધર્મનું પ્રતિપાદન કર્યું. હવે યતિધર્મનો અવસર હોવાથી યતિનું વર્ણન કરીશું. (૧)

પ્રવ્રજ્યાને યોગ્ય હોય અને પ્રવ્રજ્યા આપવાને યોગ્ય ગુરુ પાસે વિધિપૂર્વક પ્રવ્રજિત બનેલ હોય તે યતિ કહેવાય છે. (૨)

પ્રવ્રજ્યા યોગ્ય જીવનું વર્ણન-

આર્યદેશમાં ઉત્પન્ન, વિશિષ્ટ જાતિ અને કુળવાળો, કર્મમળ ક્ષીણપ્રાય થઇ ગયા હોય, એથી જ નિર્મળ મતિવાળો, મનુષ્યપણું દુર્લભ છે, જ્યાં જન્મ છે ત્યાં મરણ છે,

લક્ષ્મી ચપળ છે, વિષયો દુઃખનાં કારણો છે, જ્યાં સંયોગ છે ત્યાં વિયોગ છે, પ્રતિક્ષણ (આવીચિ) મરણ થઈ રહ્યું છે મરણની પરિણામે ભયંકરતા વગેરે સંસારના દોષોને જાણવાથી વાસ્તવિક રીતે સંસાર અસાર લાગ્યો હોય, એથી જ સંસારથી વિરક્ત બનેલો, અતિમંદ કષાયવાળો, હાસ્યાદિ દોષો અતિ અલ્પ હોય, કૃતજ્ઞ, વિનીત, રાજા, મંત્રી અને નગરલોકોને સંમત, અર્થાત્ રાજા આદિનો દીક્ષામાં વિરોધ ન હોય, અદ્રોહી, ખોડ-ખાંપણથી રહિત શરીરવાળો, શ્રદ્ધાળુ, સ્થિર, સમર્પણ ભાવથી ગુરુ પાસે આવેલ, આ સોળ ગુણવાળો જીવ પ્રવ્રજ્યાને યોગ્ય છે. (૩)

પ્રવ્રજ્યા આપવાને યોગ્ય ગુરુનું વર્ણન:-

વિધિપૂર્વક પ્રવ્રજ્યા લીધી હોય, ગુરુકુળની ઉપાસના કરી હોય, ચારિત્ર અખંડિત હોય, આગમોનું સમ્યગ્ અધ્યયન કર્યું હોય, આથી જ તત્ત્વનો જાણકાર, ઉપશાંત, ચતુર્વિધ સંઘ પ્રત્યે વાત્સલ્ય ભાવ રાખનાર, સર્વ સત્ત્વોનું હિત કરવામાં તત્પર, આદેય વચનવાળો, આશ્રિતોને આરાધનામાં અનુકૂળ રહેનાર, ગંભીર, દુઃખપ્રસંગે અદીન રહેનાર, ઉપશમ આદિ લબ્ધિથી યુક્ત, શાસ્ત્રથી અવિરુદ્ધ દેશના આપનાર, ગુરુએ ગુરુપદ આપ્યું હોય, આ પંદર ગુણોથી યુકત હોય તે પ્રવ્રજ્યા આપવાને યોગ્ય છે. (૪)

શિષ્યમાં અને ગુરુમાં ઉકત ગુણોમાંથી ચોથા ભાગના ઓછા હોય તો મધ્યમ અને અર્ધા ભાગના ઓછા હોય તો જઘન્ય યોગ્યતા છે. (૫)

પ્રસ્તુત વિષયમાં મતાંતરો:-

સંપૂર્ણ ગુણોથી યુકત હોય તે જ યોગ્ય છે એમ વાયુ નામના વાદીનું કહેવું છે. (૬)

કારણ કે સંપૂર્ણ ગુણોથી સાધ્ય કાર્ય અધા ગુણો હોય તો પણ સિદ્ધ ન થઇ શકે. (૭)

વાયુનું કહેવું ઠીક નથી એમ વાલ્મિકી નામના ઋષિનું મંતવ્ય છે. (૮)

કારણ કે ગુણો ન હોવા છતાં તેવા પ્રકારની યોગ્યતાને લઇને ગુણો ઉત્પન્ન થાય છે. (૯)

વાલ્મિકીનું આ કથન નિષ્ફળ-અસત્ય છે એમ વ્યાસ ઋષિ કહે છે. (૧૦)

કારણ કે જો પ્રથમ સામાન્ય ગુણ પણ ન હોય તો અન્ય ગુણો અવશ્ય ન થાય. (૧૧)

વ્યાસનું આવું કથન બરાબર નથી એમ સમ્રાટ નામના રાજર્ષિનું મંતવ્ય છે. (૧૨)

કારણ કે યોગ્યતાથી જ કલ્યાણની સિદ્ધિ થાય છે, નહિ કે કેવળ ગુણમાત્રથી. (૧૩)

સમ્રાટનું કથન ઠીક નથી એમ નારદ મુનિ કહે છે. (૧૪)

કારણ કે કેવળ યોગ્યતાથી અન્ય ગુણો હોવા છતાં તે ગુણો ઉત્કર્ષતાને નથી પામતા. આથી કેવળ યોગ્યતા નહિ; કિન્તુ ગુણોત્કર્ષ કરનારી વિશિષ્ટ પ્રકારની યોગ્યતા કાર્ય સાધક બને છે. (૧૫)

જેમ સામાન્ય ગુણથી અન્ય ગુણો ઉત્પન્ન થાય છે તેમ ગુણોનો ઉત્કર્ષ પણ થાય છે એમ વસુનું માનવું છે. (૧૬)

જેમ જેની પાસે માત્ર એક જ રૂપિયો છે તેને કદાચ બીજા રૂપિયા મળી જાય તોપણ તેને કરોડધિપતિ કહેવું યોગ્ય નથી, તેમ સામાન્ય ગુણથી કદાચ બીજા ગુણો ઉત્પન્ન થાય તો પણ તેને ગુણી ન કહી શકાય એમ ક્ષીરકદંબકની માન્યતા છે (૧૭)

ક્ષીરકદંબકે કહેલો દોષ જો યોગ્યતા હોય તો ઉત્પન્ન થતો નથી. જેની પાસે માત્ર એક રૂપિયો હોય તેવો જીવ ભાગ્યોદયથી કરોડ રૂપિયા ઉપાર્જન કરીને કરોડાધિપતિ બને છે તેમ પ્રસ્તુતમાં જો યોગ્યતા હોય તો સામાન્ય ગુણથી અધિક ગુણોને પામી શકે છે એમ વિશ્વ નામનો વાદી કહે છે. (૧૮)

અમુક ગુણ ઓછા હોય તો પણ તેમાં યોગ્યતા હોય તો વાંધો નથી, કારણ કે પરમાર્થથી યોગ્યતા એ ગુણ બહુલતા જ છે. એમ સુરગુરુનો મત છે. (૧૯)

જે જે કાર્યમાં જે જે નિમિત્ત રૂપે ઘટે એ યોગ્યતા છે એમ સિદ્ધસેન નામના નીતિકારનું કથન છે (૨૦)

અહીં સુધી મતાંતરો બતાવ્યા. હવે નીચેના સૂત્રમાં સ્વમતનું પ્રતિપાદન કરે છેઃ-

સામાન્ય મનુષ્યમાં ન હોય તેવા અસાધારણ ગુણો જો થોડા હોય તો પણ ઉત્કૃષ્ટ કલ્યાણ કરનારા બને છે.

કારણ કે અસાધારણ ગુણો અવશ્ય અન્ય ગુણોને ખેંચી લાવે છે (૨૧)

દીક્ષા લેવા તૈયાર થયેલાને તું કોણ છે ઇત્યાદિ પ્રશ્નો પૂછવા, સાધુના આચારો કહેવા, યોગ્યતાની પરીક્ષા કરવી વગેરે વિધિ કરવી. (૨૨)

દીક્ષા લેનારે વડિલ, માતા-પિતા આદિની પાસે દીક્ષા લેવાની અનુજ્ઞા મેળવવી જોઈએ. (૨૩)

માતા-પિતાદિ અનુજ્ઞા ન આપો તો તે તે રીતે માયા કરીને અનુજ્ઞા મેળવવી. (૨૪)

કેવી રીતે માયા કરવી તે જણાવે છેઃ-

પોતાને અશુભ સ્વપ્નો આવ્યાં છે વગેરે જણાવવું. (૨૫)

મરણ સૂચક વિપરીત પ્રકૃતિનું સેવન કરવું. અર્થાત્ તેવો સ્વભાવ બતાવવો કે જેથી આનું મૃત્યુ નજીક છે એમ માતા-પિતાને લાગે. (૨૬)

તેવા વિપરીત સ્વભાવથી મૃત્યુ નજીક છે એમ માતા પિતાદિ સ્વયં ન જાણી શકે તો નિમિત્ત શાસ્ત્રોને જાણનારાને બોલાવી વિપરીત ભાવનું ફળ જણાવે. (૨૭)
ધર્મ માટે થતી માયા એ વાસ્તવિક માયા નથી (૨૮)
કારણ કે આવા પ્રકારની માયા સ્વ-પર ઉભયનું હિત કરનારી છે. (૨૯)

પ્રવ્રજ્યા બાદ માતા-પિતા આદિનો નિર્વાહ થાય તે માટે યથાશક્તિ ઉચિત વ્યવસ્થા કરવી. (૩૦)

આમ છતાં જો રજા ન આપે તો ગ્લાન-ઔષધ

આદિ દૃષ્ટાંતથી માતા-પિતાનો ત્યાગ કરી દીક્ષા લેવી. (૩૧)

સર્વ રીતે ગુરુને સમર્પિત થઈ જવું. (૩૨)

ગુરુએ કેવળ અનુગ્રહ બુદ્ધિથી જ શિષ્યને સ્વીકારવો. (૩૩)

દીક્ષા આપતાં સારા નિમિત્તો જોવાં. (૩૪)

ઉચિત-શુભ કાળે દીક્ષા આપવી. (૩૫)

મુમુક્ષુને ઉપાયથી-નિરવદ્ય અનુષ્ઠાનોનો અભ્યાસ કરાવવા દ્વારા પૃથ્વી આદિ છ કાયનું રક્ષણ કરાવવું. (૩૬)

પ્રવ્રજ્યા ફળ આદિ જણાવવા દ્વારા પ્રવ્રજ્યાની ભાવના વધારવી (૩૭)

દીક્ષા થતાંની સાથે જ જે જરૂરી છે, ( પાંચમાં અધ્યાયના ત્રીજા સૂત્રથી જે કહેવામાં આવશે ) તે અનુષ્ઠનોનો-કર્તવ્યોનો ઉપદેશ આપવો (૩૮)

તેની શક્તિ પ્રમાણે ત્યાગ અને તપ કરાવવાં. (૩૯)

શુદ્ધ ભૂમિમાં અને શુદ્ધ દિશામાં વંદન આદિ શુદ્ધ ક્રિયા કરાવવા પૂર્વક સામાયિક પરિણામ રૂપ શીલનું આરોપણ કરવું. (૪૦)

નિઃસંગપણાથી શત્રુ અને મિત્રને વિષે મનની સમનતા એ શીલ છે. (૪૧)

આ અનુષ્ઠાનથી-શીલ આરોપણની ક્રિયાથી પૂર્વે શીલનાં પરિણામો ન હોય તો ઉત્પન્ન થાય છે અને પૂર્વે ઉત્પન્ન થયાં હોય તો સ્થિર થાય છે. (૪૨)

પ્રવ્રજ્યાના દિવસે વિશિષ્ટ તપનું સેવન કરાવવું. (૪૩)

આ પ્રમાણે શુદ્ધ વિધિપૂર્વક ગૃહસ્થાશ્રમનો ત્યાગ

કરી જે સદા સંયમમાં રમે છે તે યતિ કહેવાય. (૪)

સદુપાયોથી પ્રવૃત્તિ કરવાથી જ આ યતિપણું-સંયમ પ્રાપ્ત થાય છે. કારણ કે અયોગ્ય ઉપાયોથી કોઈ પણ સાધ્યની સિદ્ધ થતી નથી એમ પંડિતો સ્વીકારે છે. (૫)

જે આવા પ્રકારનો નથી, કિન્તુ અજ્ઞાનતાથી શાસ્ત્ર વિરૂદ્ધ પ્રવૃત્તિ કરે છે, તે યતિના વેશથી યુક્ત હોવા છતાં નથી યતિ કે નથી તો સદ્ગૃહસ્થ. (૬)

॥ ચોથો અધ્યાય સંપૂર્ણ ॥

## ॥ પાંચમો અધ્યાય ॥

જેમાં ક્રૂર મગરમચ્છ વગેરે પ્રાણીઓ રહેલાં છે તેવો મહાસાગર બે બાહુથી તરવો જેમ કઠીન છે તેમ યતિપણું પાળવું કઠીન છે એમ તત્ત્વજ્ઞો કહે છે. (૧)

જન્મ મૃત્યુ આદિ દુઃખોથી રહિત પરમાનંદ સ્વરૂપ મોક્ષ જેનું ફળ છે તે યતિપણું દુષ્કર હોય તેમાં શી નવાઈ છે? (૨)

સંસારનું સ્વરૂપ જાણવાથી, એથીજ સંસાર પ્રત્યે તાત્વિક વૈરાગ્ય અને મોક્ષ પ્રત્યે રાગ થવાથી આ યતિપણું આવે છે, અન્યથા નહીં. (૩)

આ પ્રમાણે યતિનું સ્વરૂપ કહ્યું. હવે એના-યતિના ધર્મનું વર્ણન કરીશું. ૧

સાપેક્ષ અને નિરપેક્ષ એમ બે પ્રકારનો યતિધર્મ છે. ગચ્છમાં રહીને સંયમની આરાધના કરવી તે સાપેક્ષ યતિધર્મ. ગચ્છ વિના એકાકીપણે સંયમની આરાધના

કરવી તે નિરપેક્ષ યતિધર્મ. (૨)

તેમાં સાપેક્ષ યતિધર્મ નીચે મુજબ છે. (૩)

ગુરુ પ્રત્યે શિષ્યભાવ યાવજ્જીવ ટકાવી રાખવો (૪)

ગુરુ પ્રત્યે ભક્તિ-બહુમાન રાખવા. (૫)

સદા ગુરુની આજ્ઞાનું પાલન કરવું. (૬)

સંયમની સઘળી પ્રવૃત્તિ શાસ્ત્રોક્ત વિધિપૂર્વક કરવી. (૭)

ગુરુની આજ્ઞા થતાં ગુરુનો ઉપકાર માનવો. (૮)

કસોટીના પ્રસંગોમાં વ્રતનાં પરિણામો અખંડ રાખવાં. (૯)

સર્વ પ્રકારના આરંભનો ત્યાગ કરવો. (૧૦)

સચિત્ત પૃથ્વી આદિનો સ્પર્શ ન કરવો. (૧૧)

ઉપર, નીચે અને તિર્છું એમ ત્રણે પ્રકારે ઇર્યા-સમિતિનું પાલન કરવું (૧૨)

ભિક્ષા દ્વારા ભોજન કરવું. (૧૩)

આઘાત આદિ સ્થાનોમાં દૃષ્ટિ કરવી નહિં. જ્યાં જીવોની હિંસા થતી હોય તે સ્થાન આઘાત કહેવાય. આદિથી જુગાર આદિ પ્રમાદના સર્વ સ્થાનોમાં દૃષ્ટિ કરવી નહિ. (૧૪)

આઘાત આદિ સ્થાનોની વાત પણ સાંભળવી નહિ. (૧૫)

સર્વત્ર રાગ-દ્વેષનો ત્યાગ કરવો. (૧૬)

ગ્લાન આદિની સેવા કરવી. (૧૭)

બીજાઓને-સાધુ વગેરેને ઉદ્વેગ-અપ્રીતિ ન થાય તેમ વર્તવું. (૧૮)

તેવા પ્રકારના વિષમ સંયોગોમાં વચન અને કાયાથી

પરોદ્વેગ દૂર કરી શકાય તેમ ન હોય તો ભાવથી–અંતઃ–કરણથી પરોદ્વેગ દૂર કરવા પ્રયત્ન કરવો. (૧૯)

અશક્ય કાર્યનો પ્રારંભ ન કરવો. (૨૦)

અસ્થાને બોલવું નહીં. પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરવા દ્વારા થયેલી ભૂલનો સ્વીકાર કરવો. તીવ્ર ક્રોધથી ઉત્પન્ન થતી કઠોરતાનો ત્યાગ કરવો. સર્વત્ર પિશુનતાનો–પરદોષાવિષ્કરણનો ત્યાગ કરવો. વિકથાનો ત્યાગ કરવો. સર્વ કાર્યો ઉપયોગ પૂર્વક કરવાં. વિચાર પૂર્વક પરિણામે હિતકારી વચનો બોલવાં. સ્વીકારેલ ગુરુ વિનયાદિ કાર્યની ઉપેક્ષા ન કરવી. દુષ્ટ પુરુષોનાં અનર્થક વચનો સાંભળવાં નહીં. સર્વ કાર્યોમાં અભિનિવેશનો ત્યાગ કરવો (૨૧ થી ૩૦)

અનુચિત-અયોગ્ય આહાર આદિનું ગ્રહણ ન કરવું ઉચિત–યોગ્ય આહાર આદિ પણ ગુરુની અને તેના માલિકની અનુજ્ઞા પૂર્વક ગ્રહણ કરવું. આહાર આદિ માટે શુભ શકુન જોઈને જવું. આહાર આદિ માટે જતાં શુભ શકુન થવા છતાં અયોગ્ય આહાર આદિનું ગ્રહણ ન કરવું. બીજાને–ગ્લાન આદિને યોગ્ય હોય તેનું ગ્રહણ કરવું. આહાર આદિ વસ્તુ લાવ્યા પછી કેવી રીતે લીધી તે જણાવીને ગુરુને સોંપી દેવી. બીજા માટે લાવેલી વસ્તુ પણ સ્વયં તેને ન આપવી ગુરુ કાર્ય–વ્યગ્રતા આદિના કારણે અન્યને આપવા પોતાને આજ્ઞા કરે તો આપવી. (પોતાને માટે જે લાવેલ હોય તેમાંથી) આહાર આદિ માટે યોગ્યને છંદના–વિનંતિ કરવી. આપતાં વધેલ આહાર આદિનો કેવળ ધર્મ માટે જ પોતે ઉપભોગ કરવો. (૩૧ થી ૪૦)

સ્ત્રી, પશુ, નપુંસક આદિથી રહિત વસતિનું સેવન કરવું. સ્ત્રીકથાનો ત્યાગ કરવો. જે સ્થાને સ્ત્રી બેઠી હોય તે સ્થાને સ્ત્રી ઊઠી ગયા બાદ મુહૂર્ત સુધી બેસવું નહીં. (પુરુષના ઊઠી ગયા બાદ સ્ત્રીએ એક પહોર સુધી ન બેસવું.) સ્ત્રીના અંગોનું નિરીક્ષણ ન કરવું. જ્યાં ભીંતને આંતરે પતિ-પત્ની રહેતા હોય તેવા સ્થાનનો ત્યાગ કરવો. પૂર્વે કરેલી કામ-ક્રીડાનું સ્મરણ ન કરવું. પ્રણીત-અતિ સ્નિગ્ધ આહારનો ત્યાગ કરવો. અપ્રણીત આહાર પણ ભૂખથી વધારે ન લેવો. શરીર, ઉપકરણ આદિની વિભૂષાનો ત્યાગ કરવો (૪૧ થી ૪૯) તત્ત્વમાં-મોક્ષમાર્ગની ક્રિયામાં અત્યંત આદર રાખવો. (૫૦)

યુક્ત-શાસ્ત્રોક્ત પ્રમાણવાળી, લોકમાં અનિંદ્ય અને સ્વ-પરને રાગ ન થાય તેવી ઉપધિનો ઉપભોગ-પરિભોગ કરવો.

સર્વત્ર મૂર્છાનો ત્યાગ કરવો. (૫૨)

અપ્રતિબદ્ધપણે- દેશ આદિની મૂર્છા રહિત વિહાર કરવો. (૫૩) બીજાએ પોતાના માટે બનાવેલ બિલમાં-સ્થાનમાં વાસ કરવો.

અવગ્રહોની શુદ્ધિ કરવી- દેવેન્દ્ર આદિની અનુજ્ઞા મેળવીને વસતિનો ઉપયોગ કરવો (૫૫)

માસકલ્પ તથા ચતુર્માસી કલ્પનું પાલન કરવું. ૫૬

વિહાર થઈ શકે તેવા સંયોગો ન હોય તો એક જ ક્ષેત્રમાં વસતિ શેરી આદિનું પરાવર્તન અને છેવટે સંથારાનું પરાવર્તન કરીને પણ માસાદિકલ્પનું પાલન કરવું (૫૭) સ્થિરવાસમાં કોઈ પણ વસ્તુ વિશે મમત્વ ભાવ ન રાખવો (૫૮) નિદાનનો-આલોક-પરલોકના સુખની ઈચ્છાનો ત્યાગ કરવો. સર્વ ધર્મ ક્રિયાઓ ભગવાનની આજ્ઞા છે એમ માનીને કરવી.

વિધિપૂર્વક સ્વાધ્યાય કરવો ૬૧ આવશ્યક ક્રિયાઓમાં સ્ખલના ન લગાડવી. ૬૨ યથાશક્તિ તપનું સેવન કરવું. ૬૩ પરોપકાર કરવો. ૬૪

સર્વ કાર્યોમાં ગુણ દોષની વિચારણા કરવી. ૬૫ જેનાથી કેવળ લાભ હોય, અથવા નુકશાન હોવા છતાં નુકશાનથી લાભ વધારે હોય, તેવા કાર્યમાં પ્રવૃત્તિ કરવી. ૬૬

સાધુધર્મની ભૂમિકા રૂપ ક્ષાન્તિ, નમ્રતા, સરળતા, અને સંતોષ એ ચારનું નિત્ય સેવન કરવું. ૬૭ એ માટે ક્રોધાદિ કષાયોના ઉદયને અવકાશ ન આપવો. ૬૮ કદાચ ક્રોધાદિનો ઉદય થાય તો તેને નિષ્ફળ કરવો. તેનું કાર્ય ન થવા દેવું. દા. ત. અંતરમાં ક્રોધ તો થયો પણ બહાર અયોગ્ય વચન બોલવા વગેરે રોકવું. ૬૯ કષાયથી થતા અશુભ ફળની વિચારણા કરવી. ૭૦ સઘળી પ્રવૃત્તિ ધર્મફળવાળી કરવી. ૭૧

પ્રતિદિન આત્મનિરીક્ષણ કરવું. અર્થાત્ મેં કઈ આરાધના કરી, કઈ કરવાની બાકી છે, મારામાં કયા કયા દોષો છે, કયા કયા ગુણો છે. ઇત્યાદિ વિચારણા કરવી. ૭૨ આત્મનિરીક્ષણ કર્યા બાદ ઉચિત-ગુણવૃદ્ધિકારક અને દોષવિનાશક અનુષ્ઠાનનો સ્વીકાર કરવો ૭૩ તથા જ્યારે જે દોષે બાધા કરે ત્યારે તેના પ્રતિપક્ષી ગુણનું સેવન કરવું- ઠંડીના સમયે અગ્નિના સેવનની જેમ. ૭૪ સદા ભગવાનની આજ્ઞાનું સ્મરણ કરવું. ૭૫ શત્રુ અને મિત્ર વિશે સમાન ભાવ રાખવો. ૭૬ પરિષહો સહન કરવા. ૭૭ ઉપસર્ગો સહન કરવા ૭૮ સર્વ પ્રકારના ભયનો ત્યાગ કરવો. ૭૯ રાગ દ્વેષનો ત્યાગ કરવો. ૮૦ અભિગ્રહો ધારણ

કરવા. ૮૧ લીધેલા અભિગ્રહોનું વિધિપૂર્વક પાલન કરવું. ૮૨ યથાયોગ્ય ધર્મધ્યાન શુક્લ ધ્યાનનું સેવન કરવું. ૮૩

આયુષ્યના અંતે સંલેખના કરવી. ૮૪ પોતાના શરીરબળ આદિનો વિચાર કરીને સંલેખના કરવી ૮૫

(સંલેખના એટલે કૃશતા. સંલેખના દ્રવ્ય અને ભાવ એમ બે પ્રકારની છે. તેમાં તપદ્વારા શરીરની કૃશતા કરવી એ દ્રવ્ય સંલેખના, તથા ભાવનાઓ દ્વારા કષાયોની અને ઇન્દ્રિયવિકારોની કૃશતા કરવી એ ભાવ સંલેખના છે આમાં ભાવ સંલેખનાનું મહત્ત્વ છે. દ્રવ્ય સંલેખના પણ ભાવ સંલેખના માટે છે. આથી જો દ્રવ્ય સંલેખના કરવા છતાં ભાવ સંલેખના ન થાય તો એ દ્રવ્ય સંલેખનાનો કોઇ અર્થ નથી. માટે) ભાવ સંલેખનામાં યત્ન-આદર રાખવો. ૮૬ સંલેખના પછી પણ બ્રહ્મચર્યનું વિશુદ્ધ પાલન કરવું ૮૭ અંતે-મરણ સમયે વિધિ પૂર્વક દેહનો ત્યાગ કરવો. ૮૮

## — નિરપેક્ષ યતિધર્મનું વર્ણન. —

નિરપેક્ષ યતિધર્મ નીચે પ્રમાણે છે ૮૯ આગમ એ જ ગુરુ રાખવા. ૯૦ સાપેક્ષ યતિની અપેક્ષાએ ઉપધિ અલ્પ રાખવી. ૯૧ શરીરના કોઇ પણ રોગનો પ્રતિકાર-ઉપાય ન કરવો. ૯૨ અપવાદનું સેવન ન કરવું. ૯૩ ગામ કે નગરમાં શાસ્ત્રોક્ત વિધિ મુજબ એક રાત આદિ કાળ સુધી રહેવા પૂર્વક વિહાર કરવો. ૯૪ નિયતકાળે-ત્રીજા પહોરમાં જ ભિક્ષા માટે જવું. ૯૫ મોટે ભાગે કાયોત્સર્ગમાં રહેવું. ૯૬ કોઇને પણ ઉપદેશ ન આપવો. ૯૭ સદા અપ્રમત્ત રહેવું. ૯૮ ધ્યાનમાં જ એકતાન રહેવું. ૯૯

મહાત્માઓ યથોક્ત યતિપણાને સારી રીતે આરાધીને આ લોકમાં અને પરલોકમાં કલ્યાણ પામે છે. (૪) તથા અનેકવાર ઉપયોગ કરવા છતાં ક્ષય ન થાય તેવી ક્ષીરાશ્રવ આદિ અનેક લબ્ધિઓ મેળવીને ભવ્ય જીવો ઉપર અનુપમ ઉપકાર કરે છે (૫) અને અત્યંત કદ્રુપા, એથી જ જન્મ, મૃત્યુ, જરા, વ્યાધિ, શોક, આદિ ઉપદ્રવોથી યુક્ત સંસારથી શીઘ્ર છૂટકારો પામે છે (૬)

॥ પાંચમો અધ્યાય સંપૂર્ણ ॥

# ॥ છઠ્ઠો અધ્યાય ॥

આશય, શ્રુતસંપત્તિ, શરીરબળ, અને પરોપકાર કરવાની શક્તિને યોગ્ય અનુષ્ઠાન અતિશ્રેષ્ઠ છે અને એ જ સકલ ક્લેશક્ષય રૂપ સાધ્યની સિદ્ધિનું કારણ છે એમ શાસ્ત્રજ્ઞ સૂરિઓ જાણે છે, માટે જ તેમને [ સાધ્ય એક હોવા છતાં ] યતિધર્મ બે પ્રકારનો ઇષ્ટ છે. ૧

જે કાર્યમાં સામગ્રી સંપૂર્ણ હોય તે કાર્ય શીઘ્ર સિદ્ધ થાય છે સામગ્રી અપૂર્ણ હોય તો લાંબા કાળે પણ કાર્યની સિદ્ધિ થતી નથી ૨

માટે સૂક્ષ્મ વિચાર કરીને જેને જે સાપેક્ષ કે નિરપેક્ષ યતિધર્મ યોગ્ય હોય તેણે તે યતિધર્મનો સંપૂર્ણ વિધિ પૂર્વક ઉપાય વડે સમ્યક્ રીતે આરંભ કરવો જોઇએ. પોતાને યોગ્ય કાર્યનો આરંભ કરવો એ શિષ્ટ પુરુષોની નીતિ છે. ૩

આ પ્રમાણે યતિધર્મનું નિરૂપણ કર્યું. હવે વિષય

વિભાગનું–કોણે સાપેક્ષ યતિધર્મનો સ્વીકાર કરવો અને કોણે નિરપેક્ષ યતિધર્મનો સ્વીકાર કરવો તેનું વર્ણન કરીશું. ૧

મોક્ષના આશયવાળો, શ્રુત રૂપ રત્નોનો મહાસાગર, ઉપશમ આદિ લબ્ધિઓથી યુક્ત, સમસ્ત જીવોના હિતમાં તત્પર, અત્યંત ગંભીર ચિત્તવાળો, સર્વોત્કૃષ્ટ આત્મ-પરિણામવાળો, મોહથી અત્યંત રહિત, મોક્ષ માર્ગની પ્રાપ્તિ કરાવવા દ્વારા જીવોના પરમાર્થને કરનાર, સર્વત્ર સમભાવ રાખનાર, પ્રતિદિન વિશુધ્યમાન પરિણામવાળો, યથોચિત પ્રવૃત્તિ કરનાર, સાત્મીભૂત શુભ યોગવાળો, આવા પ્રકારના યતિને સાપેક્ષ યતિધર્મ અતિશ્રેષ્ઠ છે. ૨

આમાં ભગવાનનું વચન પ્રમાણ છે. કારણ કે સંપૂર્ણ દશ પૂર્વો જાણનારને નિરપેક્ષ યતિધર્મ સ્વીકારવાનો નિષેધ કરવામાં આવ્યો છે. કારણ કે દશપૂર્વધર જીવો ઉપર પરોપકાર કરે છે. ધર્મના સર્વ અનુષ્ઠાનોથી પરોપકારનું કાર્ય ઉત્તમ છે. ( ૩ થી ૬ ) કારણ કે તેનાથી પોતે તથા અન્ય સર્વ પ્રકારના દુઃખોથી મુક્ત બને છે. (૭) શિષ્ય પ્રશિષ્યાદિની પરંપરા ચાલે છે. (૮) ત્રણે યોગોનું અતિ ઉત્તમ ફળ પ્રાપ્ત થાય છે. (૯) નિરપેક્ષ યતિધર્મને યોગ્ય યતિને પણ તે ધર્મ અંગીકાર કરવાના સમયે બીજા જીવો ઉપર ઉપકાર થતો હોય અને પરોપકાર કરનાર અન્ય કોઈ ન હોય તો નિરપેક્ષ યતિધર્મ સ્વીકારવાનો નિષેધ કરવામાં આવ્યો છે. (૧૦)

નવમા પૂર્વની ત્રીજી વસ્તુથી કંઈક ન્યૂન દશપૂર્વ

સુધીનું જ્ઞાન જેને હોય તે પૂર્વે કહેલા "મોક્ષના આશય-વાળો" ઇત્યાદિ ગુણોવાળો હોય તો પણ, જો આચાર્ય આદિ પદને યોગ્ય સારા શિષ્યો તૈયાર થઇ ગયા હોય તો, તેને ગચ્છપરિપાલન આદિ અન્ય કાર્ય ન હોવાથી, કાયા આદિનું સામર્થ્ય હોય તો, વીર્યાચારના સુંદર પાલન વડે પ્રમાદના જય માટે, સમ્યક્રીતે-શાસ્ત્રોક્ત તપ, સત્ત્વ, સૂત્ર એકતા અને બલ એ પાંચ પ્રકારની તુલનાથી પોતાના આત્માને તોલીને, ઉચિત સમયે-શુભ મુહૂર્તે, ભગવાનની આજ્ઞા હોવાથી તથા તે પ્રમાણે વર્તવાથી યોગની-સમ્યગ્ દર્શનાદિ મોક્ષ વ્યાપારની વૃદ્ધિ થવાથી અનશનની પેઠે નિરપેક્ષ યતિધર્મ અતિશય શ્રેષ્ઠ છે. (૧૧)

ઉપરના સૂત્રમાં જેને નિરપેક્ષ યતિધર્મ શ્રેષ્ઠ કહ્યો છે તેના સમાન અન્ય યતિ પણ જો આચાર્ય આદિ પદને યોગ્ય સારા શિષ્યોને તૈયાર કરવાની લબ્ધિથી-શક્તિથી રહિત હોય તો તેને પણ નિરપેક્ષ યતિધર્મ અતિશય શ્રેષ્ઠ છે. (૧૨)

[યતિધર્મના વિષયવિભાગનું કારણ-] યોગ્ય અનુષ્ઠાન જ કર્મક્ષયમાં મુખ્ય કારણ છે. (૧૩) કારણ કે યોગ્ય અનુષ્ઠાન કરવામાં ઉત્તમ વિવેક હોવાથી રત્નત્રયીની આરાધના થાય છે. (૧૪) અયોગ્ય અનુષ્ઠાન અનનુષ્ઠાન જ છે. તેનાથી માત્ર અકામ નિર્જરા થાય છે. કારણ કે તેમાં મહાવિવેકનો અભાવ હોવાથી રત્નત્રયીની આરાધના થતી નથી. (૧૫) જિન શાસનમાં જેનું નિર્વાણ-મોક્ષ ફળ છે એ અનુષ્ઠાન જ

વાસ્તવિક અનુષ્ઠાન છે. (૧૬) તે અનુષ્ઠાન મિથ્યા અભિનિવેશવાળું નથી હોતું (૧૭) અનુચિત અનુષ્ઠાનના સ્વીકારમાં અવશ્ય મિથ્યા અભિનિવેશ હોય છે. માત્ર અનાભોગથી-અજ્ઞાનતાથી અનુચિત અનુષ્ઠાનનો સ્વીકાર થયો હોય તો જુદી વાત છે (૧૮) માત્ર અનાભોગથી અનુચિત અનુષ્ઠાન કરનારને પણ ચારિત્ર સંભવે છે. (૧૯) ચારિત્ર-યુકત પુરુષ અતત્ત્વમાં અવશ્ય અભિનિવેશ-આગ્રહ રહિત હોય છે કારણ કે ચારિત્રયુકત પુરુષ માર્ગને-સમ્યગ્દર્શનાદિને અનુસરનારો હોવાથી તેનામાં પોતાનો સમ્યગ્દર્શનાદિ રૂપ સ્વભાવ ઉત્કૃષ્ટ હોય છે ( ૨૦-૨૧-૨૨ )

[ચારિત્ર યુકત પુરુષ માર્ગાનુસારી કેમ છે એનો ઉત્તર-] માર્ગાનુસારિપણાની રુચિ રૂપ સ્વભાવ હોય છે. આથી જ શાસ્ત્ર શ્રવણ આદિ થતાં પોતાની ભૂલનો સ્વીકાર કરે છે તથા થયેલા અસદાચારણની ગર્હા કરે છે ૨૩-૨૪-૨૫ આથી ઉચિત અનુષ્ઠાન જ સર્વત્ર કલ્યાણકારી છે. (૨૬) કારણ કે ઉચિત અનુષ્ઠાનમાં ભાવનાની પ્રધાનતા હોય છે. ભાવના એટલે આત્મામાં ઓતપ્રોત બનેલ નિરુપાધિક શુભ પરિણામ. (૨૭) આ ભાવના જ કલ્યાણનું પ્રધાન અંગ છે. (૨૮) કારણ કે ભાવનાની સ્થિરતાથી કુશળ અનુષ્ઠાનોની સ્થિરતા થાય છે. (૨૯) કારણ કે ભાવના યુક્ત જ્ઞાન વાસ્તવિક જ્ઞાન છે શ્રુત જ્ઞાન, ચિંતા જ્ઞાન અને ભાવના જ્ઞાન એમ ત્રણ પ્રકારનું જ્ઞાન છે. માત્ર વાકયાર્થથી ઉત્પન્ન થતું કદાગ્રહ રહિત જ્ઞાન શ્રુતજ્ઞાન છે.

આ જ્ઞાન કોઠીમાં રહેલ બીજ સમાન (નિરર્થક) છે. મહા વાક્યાર્થથી ઉત્પન્ન થતું અત્યંત સૂક્ષ્મ અને સુંદર યુક્તિઓની વિચારણાવાળું જ્ઞાન ચિંતાજ્ઞાન છે. આ જ્ઞાન જલમાં પડેલા તેલના બિંદુ સમાન છે. તેલ બિંદુ જેમ સઘળા જલમાં વ્યાપી જાય છે તેમ આ જ્ઞાન સૂત્રાર્થમાં વ્યાપી જાય છે. સૂત્રાર્થના ઐદંપર્યથી-તાત્પર્યાર્થથી ઉત્પન્ન થતું વિધિ આદિ વિશે અતિશય આદરવાળું જ્ઞાન ભાવનાજ્ઞાન છે. આ જ્ઞાન જાતિવંત અશુદ્ધ રત્નની કાન્તિ સમાન છે. જેમ જાતિવંત રત્ન અશુદ્ધ (ક્ષાર આદિના પુટપાકથી રહિત) હોવા છતાં અન્યરત્નોથી અધિક દેદીપ્યમાન હોય છે તેમ ભાવનાજ્ઞાન અશુદ્ધરત્ન સમાન ભવ્ય જીવ કર્મ રૂપ મલથી મલિન હોવા છતાં શેષ જ્ઞાનોથી અધિક પ્રકાશ પાથરે છે. આ જ્ઞાનથી જાણેલું જ વાસ્તવિક જાણેલું છે. ક્રિયા પણ આ જ્ઞાન પૂર્વક જ કરવામાં આવે તો જલ્દી મોક્ષ પ્રાપ્ત થાય છે (૩૦) ભાવના જ્ઞાનથી પદાર્થનું જેવું દર્શન-જ્ઞાન થાય છે તેવું શ્રુત જ્ઞાનથી થતું નથી. (૩૧)

કારણ કે શ્રુતજ્ઞાન ઉપરાગ માત્ર છે. જેમ જપા પુષ્પના સાંનિધ્યથી સ્ફટિક મણિમાં જપા પુષ્પના રંગનો માત્ર ઉપરાગ થાય છે, પણ મણિ તદ્રૂપે નથી બની જતો. તેમ શ્રુતજ્ઞાનના યોગથી આત્માને માત્ર બાહ્ય બોધ થાય છે પણ આંતર પરિણતિ થતી નથી. (૩૨) શ્રુતજ્ઞાનથી જોયેલ અને જાણેલ અનર્થથી નિવૃત્તિ થતી નથી. (૩૩)

હિતમાં પ્રવૃત્તિ અને અનર્થથી નિવૃત્તિ ભાવનાજ્ઞાન પૂર્વક જ થાય છે. એથી જ ભાવના જ્ઞાનથી પદાર્થને જોયા

જાણ્યા પછી વિપરીત પ્રવૃત્તિ-હિતમાં અપ્રવૃત્તિ અને અહિતમાં પ્રવૃત્તિ થતી નથી. (૩૪-૩૫)

ભાવનાજ્ઞાનથી ભાવિત અંતઃકરણવાળા પુરુષો અન્યની રક્ષા આદિ પ્રસંગ ઉપસ્થિત થતાં, દૃષ્ટ-પ્રત્યક્ષ કષ્ટ પ્રાપ્ત થવા છતાં, અદૃષ્ટ-નરકાદિ કષ્ટોથી પાછા હઠતા દેખાય છે, અર્થાત્ મેતાર્ય મુનિ આદિની જેમ, પોતાને વર્તમાનમાં કષ્ટ પ્રાપ્ત થવા છતાં, આત્માનું અહિત થાય તેવો વિચાર વાણી કે પ્રવૃત્તિ કરતા નથી તેવી જ રીતે સ્વયં કષ્ટ વેઠીને પણ અન્યને બોધ પમાડવા આદિની હિત પ્રવૃત્તિ કરે છે. (૩૬)

આથી મુમુક્ષુએ સર્વત્ર ભાવના વિષે આદર કરવો એ જ શ્રેષ્ઠ છે, ભાવનાજ્ઞાન થતાં સ્વાભાવિક રીતે જ સર્વ પ્રકારે રાગાદિ દોષો અટકી જાય છે. (૩૭-૩૮) વિહિત સર્વ પ્રવૃત્તિ વચનોપયોગ પૂર્વક-શાસ્ત્રની વિચારણા પૂર્વક કરવી એ ભાવના જ્ઞાનનું ઉત્પત્તિ સ્થાન છે. (૩૯)

શાસ્ત્રની વિચારણા મહાગુણવાળી છે. (૪૦) શાસ્ત્રની વિચારણા કરવાથી અચિંત્ય ચિંતામણિ સમાન ભગવાનનું સબહુમાન સ્મરણ થાય છે. (૪૧) શાસ્ત્રની વિચારણામાં ભગવાને આ પ્રમાણે કહ્યું છે એમ જિનાજ્ઞાની આરાધના થવાથી ભગવાનનું સ્મરણ થાય છે. (૪૨)

આ પ્રમાણે સબહુમાન ભગવાનનું સ્મરણ થતાં પ્રાય ભગવાન જ ચિત્તમાં સ્થાપિત થાય છે. (૪૩) જિનાજ્ઞાની આરાધનાથી ભગવાનની ભક્તિ જ થાય છે. (૪૪) ભગવાનના ઉપદેશનું પાલન એ જ ભગવાનની ભક્તિ છે. કૃતકૃત્ય હોવાથી તેમને કોઇ વસ્તુની જરૂર નથી. (૪૫) ઉચિત દ્રવ્યસ્તવ

પુષ્પાદિક દ્વારા પૂજા પણ ઉપદેશ પાલન સ્વરૂપ છે. (૪૬) ઉચિત દ્રવ્યસ્તવ ભાવસ્તવનું-શુદ્ધ યતિધર્મનું કારણ હોવાથી ભગવાને દ્રવ્ય સ્તવનું વિધાન કર્યું છે. (૪૭)

હૃદયમાં ભગવાનની સ્થાપના થતાં સંસારમાં જકડી રાખનારાં કર્મો પલાયન થઇ જાય છે. (૪૮) હૃદયમાં ભગવાનની સ્થાપના અને ક્લિષ્ટ કર્મોનો જલ અગ્નિની જેમ પરસ્પર વિરોધ છે. (૪૯)

આ પ્રમાણે સર્વત્ર ઉચિત અનુષ્ઠાનની જ પ્રધાનતા છે. (૫૦) પોતાને ઉચિત અનુષ્ઠાન કરવાથી પ્રાયઃ અતિચારો લાગતા નથી. (૫૧) ઉચિત અનુષ્ઠાન કરવાથી યથાશક્તિ પ્રવૃત્તિ થાય છે. કારણ કે સદ્ભાવમાં શક્ય અનુષ્ઠાનમાં ચિત્ત લાગેલું રહે છે. (૫૨-૫૩) ઇતરથા અનુચિત અનુષ્ઠાનમાં આર્તધ્યાન થવાનો પ્રસંગ આવે. (૫૪) તત્કાલોચિત કાર્યનો ત્યાગ કરી અકાળે અન્ય કાર્યની ઉત્સુકતા એ પરમાર્થથી આર્તધ્યાન છે. (૫૫) ઔત્સુક્ય કાર્યના પ્રવૃત્તિકાલનું હેતુ નથી. (કિન્તુ ઔચિત્ય છે (૫૬) આ પ્રમાણે સદા સ્વોચિત કાર્યનો જ પ્રારંભ કરવો. (૫૭) ઉચિત પ્રવૃત્તિકાલે ઔત્સુક્ય હોતું નથી. (૫૮)

પ્રવૃત્તિ કાલના કારણો ઘણાં છે. નિદાન શ્રવણ આદિથી પણ કોઇક જીવોની પ્રવ્રજ્યા આદિ વિશે લક્ષ્ય શૂન્ય કેવળ બાહ્ય પ્રવૃત્તિ થઇ છે એમ શાસ્ત્રકારોએ જોયું છે. અહીં નિદાન એટલે કારણ જેમ કે દાનથી ભોગ મળે છે એમ સાંભળીને ભદ્રિક જીવો દાનમાં પ્રવૃત્તિ કરે છે આદિ શબ્દથી શ્રુતાભિલાષ, જીવનનિર્વાહ, સ્વજનોપરોધ, બળાત્કાર વગેરે સમજવું. આ

વિષયમાં ગોવિંદવાચક, સુંદરીનંદ, આર્ય સુહસ્તિ સૂરિ પાસે દીક્ષિત દ્રમક, ભવદેવ, કરોટકગણિ, વગેરે દૃષ્ટાંતો છે. (૫૯-૬૦)

પ્રવૃત્તિ માત્ર-લક્ષ્ય શૂન્ય પ્રવ્રજ્યા પ્રવૃત્તિ પણ તે તે રીતે પરંપરાએ ભાવ પ્રવ્રજ્યાનું કારણ બને છે. (૬૧) (તો પછી અહીં પ્રવૃત્તિ માત્રનો નિષધ કેમ કર્યો એનો ખુલાસો-) અહીં શુદ્ધ સાધુધર્મનું નિરૂપણ પ્રસ્તુત છે માટે પ્રવૃત્તિમાત્રનો નિષેધ કરવામાં આવ્યો છે. (૬૨)

ચારિત્ર પરિણામ પરિણત થતાં અકાલ ઔત્સુક્ય હોતું નથી. ચારિત્રના પરિણામો સ્વચ્છ અને ગંભીર હોય છે. ચારિત્રના પરિણામો એકાંતે હિતકારી હોય છે (૬૩-૬૪-૬૫)

(જો ચારિત્રના પરિણામો એકાંતે હિતકારી હોવાથી અહિત પ્રવૃત્તિ થતી નથી તો જેને આ ચારિત્રના પરિણામ છે તેવા સાધુને ગુરુકુલવાસનું સેવન કરવું વગેરે ઉપદેશ શા માટે આપવામાં આવ્યો છે એનો ખુલાસો-) કર્મની વિચિત્રતાથી ચરિત્રપરિણામ પતનશીલ છે એટલે ક્યારેક કોઈના ચારિત્ર-પરિણામો નાશ પામે તો પણ ગુરુકુલવાસ આદિના સેવનથી પુનઃ ચારિત્ર પરિણામો પેદા થાય માટે સંયમીઓને ચારિત્ર-પરિણામના કારણ ભૂત ગુરુકુલવાસ આદિ અનુષ્ઠાનોનો ઉપદેશ આપવામાં આવ્યો છે. તથા ઉત્પન્ન થયેલ ચારિત્ર પરિણામનું રક્ષણ થાય એ માટે ગુરુકુલવાસ આદિ અનુષ્ઠાનોનો ઉપદેશ આપવામાં આવ્યો છે. ચક્રભ્રમણ મંદ પડતા દંડ દ્વારા તીવ્ર કરવામાં આવે છે તેમ. (૬૬-૬૭) આથી માધ્યસ્થ્યમાં-અપ્રવૃત્તિ અને પ્રવૃત્તિમંદતાના મધ્યભાગમાં, અર્થાત્ પ્રવૃત્તિમાં ઉપદેશ નિષ્ફળ છે. કારણ કે સ્વયમેવ ચક્રભ્રમણની જેમ

પ્રવૃત્તિ થઈ રહી છે. (૬૮-૬૯) કારણ કે ભાવયતિ ચારિત્રની વૃદ્ધિ કરનાર શુદ્ધ ચિત્તવાળો હોવાથી અયોગ્ય પ્રવૃત્તિમાં અસમર્થ હોય છે, દ્રવ્યયતિ ભાવથી યોગ્ય પ્રવૃત્તિમાં અસમર્થ હોય છે તેમ. ઉપરના સૂત્રમાં કહેલી હકીકત દૃષ્ટાંત પૂરતી જાણવી. આથી જ બંને દૃષ્ટાંતોમાં સર્વપ્રકારનું સાધર્મ્ય ન લેવું. કારણ કે અયોગ્ય પ્રવૃત્તિમાં કારણભૂત મિથ્યાત્વાદિ પરિણામથી અયોગ્ય અપ્રવૃત્તિમાં કારણભૂત ભાવ સાધુના સમ્યગ્દર્શનાદિ પરિણામ અાત મહાન છે. (૭૦-૭૩) પરમાર્થથી તો સમ્યગ્દર્શનાદિ પરિણામ જીવ સ્વભાવ રૂપ છે. સમ્યગ્દર્શનાદિ શુભ પરિણામ રૂપ સદ્‌ભાવની વૃદ્ધિથી મોક્ષ રૂપ ઉત્કૃષ્ટ ફલની સિદ્ધિ થાય છે. (૭૪-૭૫) ઉપપ્લવ-રાગ દ્વેષાદિ આંતરિક ઉપદ્રવ દૂર થવાથી ભાવ યતિને અયોગ્ય કાર્યમાં પ્રવૃત્તિ નહિ કરવી જોઈએ એમ પ્રતીતિ થાય છે. (૭૬)

આવા પ્રકારના-સ્વોચિત પ્રવૃત્તિ કરનાર, અને શરીર આદિની મૂર્છાથી રહિત સાધુ મહાત્માને ભાવશુદ્ધિથી સંસાર પણ અત્યંત મોક્ષ સમાન ભાસે છે. (૪) સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રની પ્રાપ્તિ દ્વારા સંતોષ રૂપ અમૃતનો યોગ થવાથી તથા ભાવઐશ્વર્યની પ્રધાનતાથી મોક્ષ નજીક હોવાથી સંસાર પણ મોક્ષ સમાન લાગે છે. (૫) ભગવતી સૂત્રમાં કહેવામાં આવ્યું છે કે ક્રમશઃ એક માસ બે માસ એમ દીક્ષાપર્યાયની વૃદ્ધિ થતાં બાર મહિને મુનિ પ્રકૃષ્ટ તેજ-ચિત્તસુખ પામે છે, જે સર્વદેવોના સુખોથી પણ ઉત્તમ છે.

| દીક્ષા પર્યાય. | કયા દેવોથી અધિક તેજ. |
|---|---|
| ૧ માસ | વાણવ્યંતર |
| ૨ ,, | ભવનપતિ (અસુર સિવાય) |
| ૩ ,, | અસુર કુમાર |
| ૪ ,, | ગ્રહ નક્ષત્ર, તારા |
| ૫ ,, | ચંદ્ર-સૂર્ય |
| ૬-૭-૮-૯-૧૦ | ક્રમશઃ ૧-૨, ૩-૪, ૫-૬, ૭-૮, ૯-૧૨ |
| ૧૧-૧૨ | ક્રમશઃ ૯ ગ્રૈ ૫ અનુ. (૬) |

॥ છઠ્ઠો અધ્યાય સંપૂર્ણ ॥

# ॥ સાતમો અધ્યાય ॥

જેમાં ફળની પ્રધાનતા હોય તેવી પ્રવૃત્તિ હોવી જોઇએ એમ શિષ્ટ જનોની નીતિ હોવાથી પ્રારંભમાં સંક્ષેપથી ધર્મનું ફળ કહ્યું છે. હવે વિસ્તારથી કહેવાય છે. (૧)

પ્રાય ફળ પ્રવૃત્તિનું શ્રેષ્ઠ-મુખ્ય કારણ છે માટે સર્વત્ર પ્રથમ સંક્ષેપથી ફળ કહેવું જોઇએ. હવે વિસ્તારથી ધર્મનું ફળ નીચે પ્રમાણે છે. (૨)

વિશિષ્ટ પ્રકારનું દેવ સુખ અને ઉત્કૃષ્ટ મોક્ષસુખ એ ધર્મ રૂપ કલ્પવૃક્ષનું ફળ છે એમ બુદ્ધિવંત મહા મુનિઓએ કહ્યું છે. (૩)

આ પ્રમાણે ધર્મનું સ્વરૂપ કહ્યું. હવે ધર્મના ફલનું વર્ણન કરીશું. (૧) ધર્મનું ફળ અનંતર પરંપર એમ બે પ્રકારનું છે. તીવ્રરાગાદિ દોષોનો હ્રાસ, ઔદાર્ય, દાક્ષિણ્ય,

પાપ જુગુપ્સા, આદિ ભાવ ઐશ્વર્યની વૃદ્ધિ, સર્વલોકોમાં પ્રિય બનવું એ ધર્મનું અનંતર ફળ છે. સુગતિમાં જન્મ અને ઉત્તમ સ્થાનની પરંપરાથી અંતે મુક્તિની પ્રાપ્તિ એ ધર્મનું પરંપર ફળ છે. (૨-૬)

વિશિષ્ટ પ્રકારના વૈમાનિક આદિ દેવોનું સ્થાન સુગતિ છે. ત્યાં ઉત્તમ શરીરસંસ્થાન, પલ્યોપમ આદિ મોટી સ્થિતિ-આયુષ્ય, નિગ્રહ અનુગ્રહની શક્તિ રૂપ પ્રબળ પ્રભાવ, ચિત્ત સમાધિરૂપ ઉત્તમ સુખ, શરીર આભરણ આદિની પ્રભારૂપ વિશિષ્ટ દ્યુતિ, શુભ લેશ્યા, વિશુદ્ધ, ઇન્દ્રિયો, નિર્મલ અવધિજ્ઞાન, પ્રકૃષ્ટ ભોગ સાધનો; અત્યંત તેજસ્વી અનેક વિમાનો, મનોહર ઉદ્યાનો-વનો, રમણીય તળાવ આદિ જળાશયો, કાન્તિયુક્ત દેવીઓ, અતિનિપુણ-પરિશુદ્ધ વિનય કરનારા નોકરો, તીર્થંકર આદિના ચરિત્રથી પ્રતિબદ્ધ નાટકો, ચતુર-ઇન્દ્રિય મનનું શીઘ્ર આકર્ષણ કરનારા અને ઉદાર ભોગો, સદા ચિત્તપ્રસન્નતા, અન્ય અનેક દેવોના સુખમાં નિમિત્તભાવ, સર્વકાર્યોનો પરિણામ સુંદર અનુબંધ, જીનેશ્વરનાં કલ્યાણકોમાં પૂજાનું કૃત્ય, તીર્થંકરોની સેવા, સદ્ધર્મના શ્રવણમાં અત્યંત રાગ, અને શયન, વસ્ત્ર, અલંકાર આદિથી સદા શરીર સુખ હોય છે. ૭-૮

ત્યાંથી ચ્યવન થતાં આર્ય દેશમાં સુષમદુઃષમા આદિ કાળમાં પિતા આદિ પૂર્વ પરંપરાથી અસદાચાર રૂપ કલંકથી રહિત, સદાચારોથી ઉચ્ચ, શ્રેષ્ઠ આચરણથી દૃષ્ટાંત રૂપ બનેલા પુરુષોથી યુક્ત, આવા પ્રકારના વિશાળ ઉચ્ચ

કુલમાં સ્વજનાદિના મનોરથો પૂર્ણનાર અને શુભ લગ્ન શુભ શુભ ગ્રહ આદિ વિશિષ્ટ ગુણોથી યુક્ત, સઘળા દોષોથી અત્યંત રહિત જન્મ થાય છે. (૯)

ત્યાં સુંદર રૂપ-શરીરની આકૃતિ, શરીરમાં ચક્ર આદિ અનેક શુભ લક્ષણો, નિરોગતા, વિશિષ્ટ બુદ્ધિ અને અનેક પ્રકારની કળાઓ પ્રાપ્ત થાય છે. (૧૦) ગુણોનો પક્ષપાત, અસદાચારથી ભય, કલ્યાણકારી મિત્રોનો સંબંધ, સત્પુરુષોના ચરિત્રનું શ્રવણ, મોક્ષમાર્ગને અનુકૂળ બોધ પ્રાપ્ત થાય છે. સર્વને-ધર્મ અર્થ અને કામને ઉચિત-અનુકૂળ વસ્તુઓની પ્રાપ્તિ થાય છે આ સર્વોચિત વસ્તુની પ્રાપ્તિ સર્વ જીવોના હિત માટે થાય છે માતા, પિતા, આદિ ગુરુ વર્ગને આનંદ આપે છે સ્વ-પરના ગુણોની વૃદ્ધિ કરે છે. લોકોને દૃષ્ટાંત રૂપ બને છે. અતિ ઉદાર આશય-મનનો પરિણામ હોય છે. અસાધારણ, સંકલેશથી-અત્યંત રાગથી રહિત, પરોપતાપથી રહિત અને પરિણામે પણ સુંદર એવા શબ્દાદિ વિષયોની પ્રાપ્તિ થાય છે. (૧૧)

કાળે કરીને ચારિત્ર ધર્મનો સ્વીકાર થાય છે. (૧૨) ત્યાં નિર્દોષ સહાયકોની સંપત્તિ પ્રાપ્ત થાય છે, અર્થાત્ નિર્દોષ આરાધનામાં સહાયકો મળે છે. (૧૩) તેથી અતિચાર રહિત સંયમનું પાલન થાય છે. (૧૪) બાદ મરણાંત કાળે પણ પરિશુદ્ધ સંલેખના રૂપ આરાધના થાય છે. (૧૫) સંલેખનામાં વિધિ પૂર્વક શરીરનો ત્યાગ થાય છે. (૧૬)

મરણ થતાં પૂર્વ કરતાં સુંદર દેવ સ્થાનની પ્રાપ્તિ

થાય છે. (૧૭) ત્યાં રૂપ સંપત્તિ આદિ સઘળી સામગ્રી પૂર્વની અપેક્ષાએ (પૂર્વે દેવ લોકમાં જેવી સામગ્રી મળી હતી તેની અપેક્ષાએ) અધિક શુભ હોય છે. (૧૮)

પણ ગતિ, શરીર આદિ પૂર્વની અપેક્ષાએ ન્યૂન હોય છે (૧૯) ત્યાં ઓત્સુકયના દુઃખથી રહિત હોય છે. (૨૦) તથા અતિ વિશેષ પ્રકારના આહ્લાદિથી—આલ્હાદ, કુશળાનુબંધ મહા કલ્યાણ પૂજા વગેરે સુકૃત્યોથી યુક્ત હોય છે. (૨૧)

બાદ ત્યાંથી ચ્યવન થતાં પૂર્વે ૯ વગેરે સૂત્રોમાં કહેલી વિશિષ્ટ—આર્ય દેશ વગેરે સામગ્રી પ્રાપ્ત થાય છે. (૨૨) પણ તે સામગ્રી પૂર્વની અપેક્ષાએ ચડિયાતી હોય છે. (૨૩)

કારણ કે— શુભ અધ્યવસાય રૂપ પરિણતિ અધિક હોવાથી પરિશુદ્ધ સામર્થ્ય રૂપ જીવ વીર્ય બાધક છે. પરિશુદ્ધ સામર્થ્ય રૂપ જીવ વીર્યની વૃદ્ધિના યોગે અતિશુભ કર્મોનો ઉદય હોવાથી અશુભ કર્મોનો ઉદય નથી હોતો.

આમાં શુભાધ્યવસાય રૂપ પરિણતિની વૃદ્ધિમાં તેવા પ્રકારનો જીવ સ્વભાવ કારણ છે ભવ્યત્વનો પરિપાક થતાં પ્રતિક્ષણે જીવોની પરિણતિ બાધક અધિક શુભ બનતી જાય છે. ૨૮ બીજી વાત. તેના અત્યંત ઉચ્ચ પ્રકારના પણ ભોગ સાધનો દુર્ગતિમાં લઈ જનાર અશુભ કર્મના બંધમાં હેતુ બનતા ન હોવાથી ઉચ્ચ સુખના હેતુ બને છે. આ સાધનો શુભાનુબંધી—મોક્ષ પ્રાપ્તિમાં હેતુ આર્ય-દેશાદિ કુશળ કાર્યનો અનુબંધ કરનારા હોવાથી અનીતિના ભોગ સાધનોમાં પ્રવૃત્તિ થતી નથી. અનીતિના ભોગ

સાધનોમાં પ્રવૃત્તિ નહિ થવાથી એ ભોગ સાધનોમાં અભિષ્વંગ-ગાઢ રાગ થતો નથી. ગાઢ રાગનો અભાવ હોવાથી એ ભોગ સાધનોની પ્રાપ્તિ ધાન્ય માટે ખેતી કરતાં ખેડૂતને થતી ઘાસ પ્રાપ્તિની જેમ પ્રાસંગિક છે. આથી જ એ સાધનોની પ્રાપ્તિ વિશિષ્ટ પ્રયત્ન વિના પ્રકૃષ્ટ પુણ્યના પ્રભાવથી થાય છે આથી એ ભોગના સાધનો અત્યંત ઉચ્ચ પ્રકારનાં હોવા છતાં દુર્ગતિમાં લઇ જનાર અશુભ કર્મનો બંધ કરાવતા નહિ હોવાથી દુઃખના હેતુ નથી બનતા, કિન્તુ સુખના હેતુ બને છે. ૨૯

કારણ કે અશુભ કર્મ બંધનું મુખ્ય કારણ અશુભ પરિણામ જ છે. બાહ્ય સાધનો તો અશુભ પરિણામ દ્વારા અશુભ કર્મ બંધમાં કારણ બને છે, આથીજ અશુભ પરિણામ ન હોય તો બાહ્ય જીવ હિંસાદિ કારણોથી અલ્પ કર્મ બંધ થાય છે. આ વિષયમાં જીનવચન પ્રમાણ છે. મહામત્સ્ય વગેરે અસંજ્ઞી જીવો, અનેક જીવોનો સંહાર કરવા છતાં તે સંહાર મન વિના કેવળ શરીર દ્વારા જ થતો હોવાથી તેવા પ્રકારના અશુભ પરિણામના અભાવે પ્રથમ નરકમાં જ અને તેમાં પણ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ પ્રમાણ આયુષ્યવાળા ચોથા પ્રતરના નારકોમાં જ ઉત્પન્ન થાય છે, તેથી આગળ નહિ એમ શાસ્ત્ર વચન છે. (૩૦-૩૩)

એમ મોક્ષનું કારણ પણ શુભ પરિણામ જ છે. ૩૪ જો શુભ પરિણામ ન હોય તો ચારિત્રના બાહ્ય સર્વ અનુષ્ઠાનો સંપૂર્ણ પણે હોવા છતાં મોક્ષની પ્રાપ્તિ થતી નથી. ૩૫

વ્યવહાર રાશિમાં સઘળાય જીવો અનંત વાર ગ્રૈવેયકમાં ઉત્પન્ન થાય છે એમ શાસ્ત્ર વચન છે. ૩૬ ચારિત્રના બાહ્ય સર્વ અનુષ્ઠાનોની સંપૂર્ણતા વિના ગ્રૈવેયકની પ્રાપ્તિ થતી નથી. ૩૭

આ પ્રમાણે અપ્રમાદ સુખનો-અપ્રમત્તતાનો ઉત્કર્ષ થતાં ઉત્કૃષ્ટ ચારિત્રની સિદ્ધિ થવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે.

લોકમાં જે કંઇ શુભ સ્થાન છે તે સઘળું મનુષ્ય ધર્મના પ્રતાપે ઉત્તરોત્તર અનુબંધ યુક્ત પામે છે. (૪)

ધર્મ શ્રેષ્ઠ ચિંતામણિ છે. ધર્મ ઉત્તમ કલ્યાણકારી છે. ધર્મ એકાંતે હિતકારી છે. ધર્મ જ ઉત્તમ અમૃત છે. (૫)

મનુષ્ય ગતિમાં ચક્રવર્તિપણામાં ચૌદ મહાન રત્નો (આદિ) નો સ્વતંત્રપણે ભોગ થતો હોવાથી ચક્રવર્તીપદ સર્વથી ઉત્તમ છે. આ ચક્રવર્તી પદ પણ ધર્મથી જ પ્રાપ્ત થાય છે એમ શાસ્ત્રમાં કહ્યું છે. (૬)

॥ સાતમો અધ્યાય સંપૂર્ણ ॥

# ॥ આઠમો અધ્યાય ॥

ધર્મના ફળ વિશે બહુ શું કહેવું ! ઉત્તમ જીવ પરિશુદ્ધ ધર્મના અભ્યાસથી જગતના જીવોને હિતકર તીર્થંકર પદ પામે છે (૧)

આ જગતમાં તીર્થંકર પદ જે રીતે યથાર્થ સ્વ-પરના પ્રયોજનની સિદ્ધિ કરે છે તે રીતે અન્ય કોઇ પદ સ્વ-પરના પ્રયોજનને સિદ્ધ કરતું નથી. આથી તીર્થંકર પદથી ઉત્તમ કોઈ પદ નથી. (૨)

✓ તીર્થંકર પદ ચ્યવન આદિ પાંચે કલ્યાણકોમાં ત્રણે જગતના સઘળા જીવોને સુખ કરે છે. તેમ જ સ્વાર્થની-ક્ષાયિક સમ્યગ્દર્શન આદિની સિદ્ધિ દ્વારા મોક્ષનું પ્રધાન કારણ છે. (૩)

આ પ્રમાણે ધર્મફળનું લગભગ વર્ણન થઇ ગયું છે. હવે બાકી રહેલા જ શ્રેષ્ઠ ધર્મ ફળનું વર્ણન કરીશું (૧)

બાકી રહેલ ધર્મનું ઉત્કૃષ્ટ ફળ સામાન્ય અને વિશેષ એમ બે પ્રકારે છે. આ ફળ પરંપરાએ ઉચ્ચ પ્રકારની ભાવ-શુદ્ધિથી પ્રાપ્ત થાય છે. સામાન્ય એટલે તીર્થંકર અને અતીર્થંકર એ બંનેનું સમાન ફળ. જે કેવળ તીર્થંકરને જ મળે તે વિશેષ ફળ. તેમાં ચરમ જન્મની-અંતિમ ભવની પ્રાપ્તિ સામાન્ય ફળ છે. તીર્થંકર પદની પ્રાપ્તિ વિશેષ ફળ છે.

